સુવિચાર

''આપણા વડીલોની સંઘર્ષગાથા જો આપણે સાંભળી લઈશું, તો પછી કોઈ મોટીવેશનલ વીડિયો જોવાની આપણને જરૂર નહીં રહે.''

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૧/૦૫/૨૦૨૬, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ગુજરાત સ્થાપના દિવસ

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૮૨ વૈશાખ સુદ-૧૫ વર્ષ : ૧૭ અંક : ૧૧૭


## બાલનાથ મહાદેવ મંદિરનાં પટાંગણમાં પોષણ અંગે તાલીમ અપાતી હોય તે સમયે

# મોટી કુંકાવાવ ખાતે આંગણવાડી વર્કર ઉપર મધમાખીઓનો હુમલો

**પટાંગણમાં આવેલ લીમડાનાં વૃક્ષ પરથી મધપુડો નીચે પડતા દોડધામ મચી**

**અંદાજિત ૨૫ જેટલી મહિલાઓને મધમાખીએ ડંખ મારતા ચીસાચીસ થઈ**

**તમામ ઈજાગ્રસ્ત મહિલાઓને ૧૦૮ મારફ્ત સારવાર અર્થે ખસેડવામાં આવી**


**૧૯ મહિલાઓને પ્રાથમિક સારવાર બાદ રજા અપાઈ અન્ય ૬ મહિલાઓની સારવાર શરૂ**



અમરેલી, તા. ૩૦

મોટી કુંકાવાવ ખાતે મધમાખીનાં ઝુંડે સેંકડો મહિલાઓ ઉપર હુમલો કરીને ડંખ મારતાં ૨૫ જેટલી મહિલાઓને સારવારમાં ખસેડવામાં આવી છે.

વિગત એવા પ્રકારની છે કે, મોટી કુંકાવાવ ખાતે આવેલ બાલનાથ મહાદેવ મંદિરનાં પટાંગણમાં આંગણવાડી વિભાગની મહિલાઓનો પોષણ અંગે તાલીમ કાર્યક્રમ ચાલતો હોય તે સમયે પટાંગણમાં રહેલ લીમડાનાં વૃક્ષ ઉપરથી અચાનક મધપુડો નીચે પડતાં મધમાખીઓનું ઝુંડ મહિલાઓ પર તૂટી પડયુ હતું અને ૨૫ જેટલી મહિલાઓને ઈજા પહોંચાડતા દોડધામ મચી હતી. તમામ ઈજાગ્રસ્ત મહિલાઓને ૧૦૮ મારફત સરકારી દવાખાને ખસેડવામાં આવેલ જયાં ૧૯ મહિલાઓને રજા આપી દેવામાં આવી અને અન્ય ૬ મહિલાઓની સારવાર કરવામાં આવી રહી છે.



## સંત શિરોમણી પૂ. ભોજલરામ બાપાનાં ૨૪૧માં પ્રાગટય દિવસની આજે આસ્થા અને ઉત્સાહભેર ઉજવણી

અહેવાલ પાના-૩ ઉપર


પ.પૂ.સંત શીરોમણી શ્રી ભોજલરામ બાપાનાં
૨૪૧ માં પ્રાગટય મહોત્સવે
પ.પૂ.સંતશ્રી ભોજલરામ બાપાનાં ચરણોમાં શત્ શત્ નમન..
:: વંદનકર્તા ::
સ્પે. નાયલોન ખમણ
સ્પે. વાટીદાળનાં ખમણ
અમરેલીનાં જુનામાં જાણીતા દાનગીગેવ ખમણ હાઉસ
અવધ કેરીફાર્મની,લક્ષ્મનારાયણ મંદિરની સામે, સ્ટેશન રોડ, અમરેલી
99254 25231 - 94287 94041

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ફ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

અપોલો હોસ્પિટલ્સ-અમદાવાદના સુપર સ્પેશ્યાલીસ્ટ દ્વારા ઓપીડી
અમરેલી માં...
Apollo HOSPITALS

દર મહિનાના પહેલા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી
ડો. જતીન વખારિયા
કન્સલટન્ટ ઓર્થોપેડિક્સ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન
MBBS, DNB (Orthopedics), D'Ortho, FIAS

દર મહિનાના બીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી
ડો. પાર્થ જોષી
MBBS, Dr NB ન્યુરોસર્જરી, એન્ડોવાસ્ક્યુલર અને વાસ્ક્યુલર ન્યુરોસર્જરીમાં ફેલોશિપ (મણિપાલ, બેંગ્લોર)
મિનિમલી ઇન્વેસિવ અને એન્ડોસ્કોપિક સ્પાઈન સર્જન

દર મહિનાના ત્રીજા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી
હેમેટો-ઓન્કોલોજી અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ નિષ્ણાંત લેફ્ટનન્ટ જનરલ (ડૉ.) વેલુ નાયરની ટીમમાંથી
ડો. સંદીપ ખેની
હેમેટો-ઓન્કોલોજી અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ નિષ્ણાંત

દર મહિનાના ત્રીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી
ડો. શ્રેયા બુટાલા
MD, DM Gastro (SGPGIMS),
Consultant Gastroenterologist and Hepatologist

દર મહિનાના ત્રીજા શુક્રવારે
ડો. પ્રિતિશ શાહ
એમબીબીએસ,એમડી (મેડિસિન), ડીએનબી (નેફ્રોલોજી)
કન્સલટન્ટ નેફ્રોલોજિસ્ટ
લક્ષણો:

આસ્થા હોસ્પિટલ
લિલિયા રોડ, બી.એમ. ચોક, અમરેલી, ગુજરાત-૩૬૫ ૬૦૧
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો :
+91 8238984000 & 7698815315
અપોલો હોસ્પિટલ, અમદાવાદ
પ્લોટ નં. ૧-એ, ભાટ, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, એરપોર્ટ રોડ, અમદાવાદ - ગાંધીનગર. 8401801066

અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કલાશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

જોઇએ છે
પેટ્રોલ પંપ માટે ડિઝલ, પેટ્રોલ ભરી શકે તેવા ઉત્સાહી લેડીઝ / જેન્ટસ ની જરૂર છે
આર.ડી. પેટ્રોલ પંપ
એસ.ટી. બસ સ્ટેન્ડ પાસે, અમરેલી.
મો. ૭૭૨૬૧ ૨૭૭૭૭

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,36,100/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૩૦/૦૪/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

જાહેર આભાર
આભાર મોટા દેવળીયા ૦૯ મોટા દેવળીયા અમરેલી જિલ્લા પંચાયત સીટ પરથી શ્રીમતિ મીનાબેન પ્રભાતભાઈ કોઠીવાળ ને સતત ત્રીજીવાર જંગી બહુમતીથી ભવ્ય વિજય અપાવવા બદલ તમામ મતદાર ભાઈઓ/બહેનો,વડીલો, જિલ્લા ભાજપના દરેક કાર્યકર્તાઓ, સ્થાનિક આગેવાનો તેમજ પ્રત્યક્ષ / પરોક્ષરૂપે અમોને સાથ સહકાર આપનાર તમામ લોકોનો અમો અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ તથા અમો મોટા દેવળીયા જિલ્લા પંચાયત સીટ હેઠળ આવતા તમામ ગામોનાં સર્વાંગી વિકાસ પ્રત્યે અમો હંમેશ કટ્ટીબધ્ધ છીએ ફરી આપ સહુનો ખૂબ ખૂબ આભાર સહ...
શ્રીમતિ મીનાબેન પ્રભાતભાઈ કોઠીવાળ
વિજેતા ઉમેદવાર : મોટા દેવળીયા જિલ્લા પંચાયત સીટ ભાજપ
શ્રી પ્રભાતભાઈ કોઠીવાળ
અગ્રણી : બાબરા તાલુકા ભાજપ



• ગોળાના અને ગોઠણનાં (ઘુંટણ), રિપ્લેસમેન્ટનાં સર્જન
• મસલ/સ્નાયુ કાપ્યા વગર આગળ થી થતું ગોળો બદલવાનું રિપ્લેસમેન્ટ ઓપરેશન
• હિપ એ.વી.એન. (ગોળો સુકાઈ જવો)
• હિપ ફેકચર (ગોળો અથવા થાપાનાં ભાગે ફેકચર)
• હિપ આર્થેરાઈટિસ (ગોળાનાં ભાગે ઘસારો) તથા ઘુંટણ બદલવાનું ઓપરેશન તથા TKR અને THR પછી થયેલ ઈન્ફેકશન/પરૂની સારવાર

ડો. ભાર્ગવ ટી. નિમાવત
M.S. Orthopedics, F.I.J.R.

NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૨૦૯૨૦/૨૩૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629


## આગામી ૩મે ને રવિવારે સાંજના ૬:૩૦ કલાકે રાધિકા ગાર્ડન રેસ્ટોરન્ટ ખાતે

# અમરેલી ખાતે ડીસ્ટ્રીકટ ચેમ્બર્સ ઓફ કોમર્સનો વાર્ષિક સમારોહ યોજાશે

**જિલ્લાનાં પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણી, ઉર્જા રાજયમંત્રી કૌશિક વેકરિયા સહિતનાં મહાનુભાવો ઉપસ્થિત રહેશે**

**સાંસદ સુતરીયા, ડો. કાનાબાર, અતુલ કાનાણી, પી.પી. સોજીત્રા, કેતન સોની, દિનેશ ભુવા સહિતનાં આગેવાનોની ઉપસ્થિતિ રહેશે**


**શહેર અને જિલ્લાનાં સહયોગી વેપારી સંગઠનોનાં પ્રતિનિધિઓ પણ જોડાશે**

**પ્રમુખ ચતુરભાઈ અકબરી અને કાર્યકારી પ્રમુખ હરેશભાઈ સાદરાણીનાં નેતૃત્વમાં તડામાર તૈયારીઓ**







અમરેલી, તા. ૩૦

અમરેલી ખાતે આગામી ૩મે ને રવિવારે સાંજનાં ૬:૩૦ કલાકે રાધિકા ગાર્ડન રેસ્ટોરન્ટ ખાતે ડીસ્ટ્રીકટ ચેમ્બર્સ ઓફ કોમર્સનો વાર્ષિક અને મહાનુભાવોનો સન્માન સમારોહ યોજાશે.

આ કાર્યક્રમમાં જિલ્લાનાં પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણી, ઉર્જા રાજયમંત્રી કૌશિક વેકરિયા, સાંસદ ભરત સુતરીયા, ભાજપા પ્રમુખ અતુલ કાનાણી, ડો. કાનાબાર, પી.પી. સોજીત્રા, મેહુલભાઈ ધોરાજીયા, ડો. ગજેરા, દિનેશભાઈ ભુવા, કાળુભાઈ ભંડેરી, કેતનભાઈ સોની, મયુરભાઈ માંજરીયા, પિન્ટુભાઈ કુરૂંદલે, ભૂપતભાઈ મેતલીયા, ડી.કે. રૈયાણી, મહેશ નગદીયા સહિતનાં આગેવાનોનું સન્માન કરાશે.

આ કાર્યક્રમમાં શહેર અને તાલુકાનાં જુદા–જુદા વેપારી એસોસિયેશનનાં પ્રતિનિધિઓ, વેપારીઓ, સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહેશે. કાર્યક્રમને સફળ બનાવવા ચેમ્બર્સનાં પ્રમુખ ચતુરભાઈ અકબરી અને કાર્યકારી પ્રમુખ હરેશભાઈ સાદરાણીનાં માર્ગદર્શન તળે તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે.

## હાઈસ્કૂલ નજીકથી યુવક ઈજાગ્રસ્ત હાલતમાં મળી આવ્યા બાદ મોત

# સાવરકુંડલાનાં બાઢડા ગામે પ્રેમ પ્રકરણને લઈને યુવકની ઢોર માર મારી હત્યા કરાયાની આશંકા

**સ્થાનિક પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી દીધો**



અમરેલી, તા. ૩૦

સાવરકુંડલા તાલુકાના બાઢડા ગામે પ્રેમ પ્રકરણને લઈને એક ૨૬ વર્ષીય યુવકને ઢોર માર મારવામાં આવ્યો હોવાની આશંકા વચ્ચે ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં ગંભીર રીતે ઘવાયેલ હાલતમાં મળી આવેલ યુવકને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જયાં હોસ્પિટલ ખાતે પહોંચતાં પહેલાં જ યુવકનું મોત નિપજયું હતું. ઘટનાને લઈને આ વિસ્તારમાં તંગદિલીનો માહોલ સર્જાયો હતો અને પોલીસ દ્વારા બનાવ અંગે તપાસ હાથ ધરવામાં આવી છે.

આ બનાવમાં સૂત્રોમાંથી મળતી વિગત મુજબ સાવરકુંડલા તાલુકાના બાઢડા ગામ નજીક આવેલી વિરાણી હાઈસ્કૂલ પાસે એક યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત હાલતમાં મળ્યો હતો. સ્થાનિક લોકો દ્વારા જાણ થતાં તેને તાત્કાલિક સાવરકુંડલા સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પરંતુ સારવાર મળે તે પહેલાં જ યુવકનું મોત નિપજયું હતું.

મૃતકની ઓળખ નિલેશ રમેશ ચુડાસમા (ઉંમર ૨૬ વર્ષ) તરીકે થઈ છે. પ્રાથમિક માહિતી મુજબ મૃતક યુવકને પ્રેમ સંબંધને લઈ કેટલાક લોકોએ ઢોર માર માર્યો હોવાનો અંદાજ વ્યકત કરવામાં આવી રહ્યો છે. ઘટનાની ગંભીરતા જોતા પોલીસે તાત્કાલિક કાર્યવાહી શરૂ કરી છે.

પોલીસ દ્વારા મૃતદેહને આગળની કાર્યવાહી માટે ભાવનગર ફોરેન્સિક વિભાગ ખાતે પોસ્ટમોર્ટમ (પી.એમ.) માટે ખસેડવામાં આવ્યો છે. સમગ્ર ઘટનાને લઈને સાવરકુંડલા પોલીસ દ્વારા ગંભીરતાથી તપાસ ચાલી રહી છે અને આરોપીઓને ઝડપી પાડવા માટે ટીમો કાર્યરત કરવામાં આવી છે.

આ ઘટનાએ સમગ્ર પંથકમાં ચકચાર મચાવી દીધી છે અને લોકોમાં રોષનો માહોલ જોવા મળી રહ્યો છે. પોલીસે લોકોને અફવાઓથી દૂર રહેવા અને કાયદો પોતાના હાથમાં ન લેવા અપીલ કરી છે.

## ''તેરા તુજકો અર્પણ'' કાર્યક્રમ અંતર્ગત

# લીલીયા પોલીસ વિભાગ દ્વારા ગુમ થયેલ બાઈક મુળ માલીકને પરત કરાયુ

**બાઈકનાં માલીકે પોલીસ ટીમનો આભાર માન્યો**



અમરેલી, તા. ૩૦

લીલીયા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ એમ.ડી. સાળુંકેની રાહબરી હેઠળ લીલીયા પોલીસ સ્ટેશનના મિલ્કત ગુમની અરજીઓ અનુસંધાને લીલીયા પોલીસ ટીમ દ્વારા સઘન અભ્યાસ કરી ટેક્નીકલ સોર્સ તથા હ્યુમન સોર્સની મદદથી ગુમ થયેલ મિલ્કત શોધી મુળ માલીકને પરત કરી તેરા તુજકો અર્પણ કાર્યક્રમ સાર્થક કરતી લીલીયા પોલીસ ટીમે વિભાભાઈ ગોવાભાઈ પડસારીયા મોટર સાઈકલ તા.૨૪/૦૪/૨૦૨૬ના રોજ લીલીયા મોટા, લાઠી રોડ ઉપર પાર્ક કરેલ ટીવીએસ જયુપીટર મોપેડ મો.સા ક્યાય જોવામા આવેલ ન હોય જે ગુમ થયેલ હોય જે અંગે સદર મો.સા.ના રજી નં. જીજે–૧૪ બીએફ–૨૫૧૪ મેળવી ટેકનીકલ તેમજ હ્યુમન સોર્સની મદદથી ગુમ થયેલ મો.સા. શોધી મુળ માલીકને પરત કરતી લીલીયા પોલીસ ટીમ આ સમગ્ર કામગીરીમાં લીલીયા પોલીસ સ્ટેશનના પી.આઈ એમ.ડી. સાળુંકે તથા લીલીયા પોલીસ સ્ટાફના માણસો જોડાયા હતા તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## ઉર્જા રાજયમંત્રી કૌશિક વેકરિયાનાં માર્ગદર્શનમાં

# ચિતલ જિલ્લા પંચાયતની બેઠકમાં ભાજપને વિજેતા બનાવવામાં જયસુખભાઈ દેસાઈનો સિંહફાળો

**ચિતલ બેઠક નીચેની તાલુકા પંચાયતની બેઠકો ઉપર પણ ભગવો લહેરાયો**



અમરેલી, તા. ૩૦

ગુજરાત રાજયમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી પૂર્ણ થતા જનાદેશ જાહેર થયો છે, જેમાં ભારતીય જનતા પાર્ટીને વ્યાપક બહુમતી મળતા રાજકીય દ્રશ્યપટ પર ભાજપની મજબૂત પકડ ફરી એકવાર સાબિત થઈ છે. રાજયભરમાં ભાજપની આ જીતને વિકાસ અને સુશાસન પ્રત્યે લોકોના વિાસનું પ્રતિબિંબ માનવામાં આવી રહ્યું છે.

અમરેલી જિલ્લામાં પણ ભાજપે શાનદાર પ્રદર્શન કરતાં ફરી એકવાર ભગવો લહેરાવ્યો છે. અમરેલી જિલ્લાના યુવા નેતા અને ઉર્જા–કાયદા મંત્રી કૌશિકભાઈ વેકરીયાના દઢ, દિશાદર્શી અને વિકાસ કેન્દ્રિત નેતૃત્વ હેઠળ આ જીતને ઐતિહાસિક સિદ્ધિ તરીકે જોવામાં આવી રહી છે. તેમની કાર્યશૈલી, જનસંપર્ક અને પ્રજાહિત માટેની પ્રતિબદ્ધતાએ પાર્ટીને મજબૂત આધાર પૂરો પાડયો છે.

આ જીતમાં અમરેલી જિલ્લા પંચાયતની ચિતલ બેઠક પણ ભાજપના ફાળે ગઈ છે, જે સ્થાનિક સ્તરે પાર્ટીના સંગઠન બળ અને લોકપ્રિયતાનું પ્રતિક છે. આ બેઠકની ચૂંટણીને અનુસંધાને સમગ્ર આયોજન, વ્યૂહરચના અને સંકલનનો દોર ચિતલના અગ્રણી ઉદ્યોગપતિ તથા સેવાભાવી વ્યકિતત્વ ધરાવતા જયસુખભાઈ દેસાઈને સોંપવામાં આવ્યો હતો.

જયસુખભાઈ દેસાઈએ પોતાની સુસંગઠિત આયોજન ક્ષમતા, દુરંદેશી દષ્ટિ અને પ્રભાવશાળી નેતૃત્વ દ્વારા ચિતલ બેઠક હેઠળ આવતાં તમામ ૧૧ ગામોમાં અસરકારક રીતે પ્રચાર–વ્યવસ્થાપન કરી સમગ્ર પ્રક્રિયાને સફળતાપૂર્વક પૂર્ણ કરી હતી. તેમના માર્ગદર્શન અને ટીમવર્કના પરિણામે ભારતીય જનતા પાર્ટીને આ બેઠક પર વિજય મેળવવામાં મહત્વપૂર્ણ સહયોગ મળ્યો છે.

સમગ્ર જિલ્લામાં ભાજપની આ જીતને લોકવિાસ, વિકાસપ્રધાન નીતિઓ અને મજબૂત સંગઠનશકિતની સાબિતી તરીકે જોવામાં આવી રહી છે.

અમરેલી જિલ્લા પંચાયત ચિતલ બેઠકના ઉમેદવાર વિલાસબેન દેસાઈ ૩૧૬૫ મતોની લીડથી, તાલુકા પંચાયતના ઉમેદવાર સુરેશભાઈ પાથર ૮૦૦, અરવિંદભાઈ કાકડિયા ૯૦૦ તેમજ કોમલબેન તેરૈયા ૬૦૦ જેટલા મતોની લીડથી વિજયી બન્યા છે.

ભારતીય જનતા પાર્ટીની આ ભવ્ય જીતમાં ચિતલ ભાજપ અગ્રણી લાલજીભાઈ દેસાઈ, કાળુભાઈ ધામી, મોતીભાઈ કાનાણી, જે.બી. દેસાઈ, જયેશભાઈ નાકરાણી, મનસુખભાઈ નાડોદા, હસુભાઈ ધાનાણી, ધર્મેન્દ્રસિંહ સરવૈયા, રંજનબેન ડાભી, રઘુવીરસિંહ સરવૈયા, મનુભાઈ અસલાલિયા, રાજુભાઈ ધાનાણી, હિરેન ચાવડા, અશ્વિનગીરી ગોસાઈ, કેશુભાઈ ધાનાણી, પ્રકાશભાઈ ભેડા, દૂદાભાઈ સાવલિયા, નાગજીભાઈ, વિનુભાઈ કથીરિયા, જીતુભાઈ બખાલકિયા, નરેશભાઈ સાકરિયા, દીપકભાઈ માકાણી, રમેશભાઈ માંગરોળિયા, રવજીભાઈ મોજ, દાસ બોદર, વિઠ્ઠલભાઈ ગજેરા, જેન્તિભાઈ ગજેરા, નિકુંજભાઈ કાકડિયા, દિલીપભાઈ સાવલિયા, જાદવભાઈ ગરિયા, પરેશભાઈ નાડોદા, ઝાલાભાઈ ચૌહાણ, હરેશભાઈ બાબરીયા, રાજુભાઈ કાબરિયા, પરેશભાઈ ગેડિયા, નિલેશભાઈ લિંબાશિયા, મુકેશભાઈ લિંબાશિયા, નીતીનભાઈ દેસાઈ, સુરજભાઈ પરમાર, માવજીભાઈ પરમાર, ભાર્ગવભાઈ માંગરોળીયા, કનુભાઈ માંગરોળીયા, સંજયભાઈ વાળા, કિશનભાઈ વાળા, અશરફ કાલવા, રફીકભાઈ કાલવા વગેરેએ મહત્વનો ફાળો ભજવ્યો હતો. ભારતીય જનતા પાર્ટીનો આ ભવ્ય વિજય એ જનાદેશ એ જ લોકશાહીમાં સર્વોપરી આદેશની ભાવનાને સાર્થક કરે છે.


સ્વાસ્થ્યની સફરમાં તમારો આજીવન સાથી
૧૨,૦૦૦+ દર્દીઓના જીવનમાં હોમિયોપેથી દ્વારા સકારાત્મક પરિવર્તન
લાંબી અને જટિલ માંદગીમાંથી મુકિત માનસિક સ્વાસ્થ્ય, ન્યુરોલોજીકલ અને ચેતાતંત્રના રોગો, ચામડી અને સૌંદર્યલક્ષી રોગો, શ્વસનતંત્રના રોગો, સ્ત્રીરોગ, હોર્મોન્સ અને ડાયાબિટીસની સારવાર કિડની અને મૂત્રમાર્ગના રોગો, પેટ અને પાચનના રોગો, સાંધાના રોગો



SANSKAR HOMEO CARE
ડો. જીતેન્દ્ર પટેલ (BHMS)
સંસ્કાર હોમિયો કેર
લાઈફલાઈન કોર્નર સામે, માણેકપરા અમરેલી
MO.9998362335



શ્રી ગણેશ
3D/4D સોનોગ્રાફી & એકસરે કિલનિક



ડો. ભરત બી. પાડા MBBS, DMRE
Consultant Radiologist & Sonologist

# અમરેલી નજીક આવેલ ફતેપુર ગામે બિરાજીને અનેકોનાં દુઃખ, દર્દ દૂર કરનાર

# સંત શિરોમણી પૂ. ભોજલરામ બાપાનાં ૨૪૧માં પ્રાગટય દિવસની આજે ઉજવણી

**પૂ. જલારામબાપા અને પૂ. વાલમરામબાપાનાં ગુરૂનાં પ્રાગટય મહોત્સવની થશે ઉજવણી**

**અમરેલી ખાતે આવેલ પૂ. ભોજલરામબાપાનાં મંદિરે આજે સત્યનારાયણ ભગવાનની કથા યોજાશે**

**પૂ. ભોજલબાપાનાં ધામ ફતેપુરધામ ખાતે પણ પૂ. બાપાનાં ભકતો દર્શન કરી ધન્યતા અનુભવશે**

**ફતેપુરધામ ખાતે શ્રી દ્વારકાધીશે પણ પૂ. ભોજલરામબાપાને દર્શન આપ્યા હોવાનું સૌ જાણે છે**




અમરેલી, તા. ૩૦

અમરેલી સહિત સમગ્ર વિશ્વમાં સંત શિરોમણી પૂ. ભોજલરામબાપાનાં ૨૪૧માં પ્રાગટય દિવસની આસ્થા અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવશે.

પૂ. જલારામબાપા અને પૂ. વાલમરામબાપાનાં ગુરૂ પૂ. ભોજલરામબાપાએ અમરેલી નજીક આવેલ ફતેપુર ગામે બિરાજીને અનેક વ્યકિતઓનાં દુઃખ દૂર કર્યા, ધર્મનો પ્રચાર કર્યો અને તે પવિત્ર જગ્યા ઉપર ભગવાન દ્વારકાધીશની પણ પધરામણી થયાનું વર્ણન જોવા મળી રહ્યું છે.

આવતીકાલ શુક્રવારે ફતેપુર ગામે નવનિર્મિત પૂ. ભોજલરામબાપાનાં મંદિરે મહા આરતીનું પણ આયોજન કરાયુ છે. મોટી સંખ્યામાં ભકતજનો દર્શનાર્થે પધારશે તેમજ અમરેલી ખાતે નાગનાથ મંદિર સામે આવેલ પૂ. ભોજલરામ મંદિરે સાંજનાં ભગવાન સત્યનારાયણની કથાનું પણ આયોજન કરવામાં આવેલ છે.

પૂ. ભોજલરાબાપાનાં ફતેપુરધામ ખાતે ભગવાન દ્વારકાધીશે દર્શન આપ્યા હોવાનો ઉલ્લેખ પણ પુસ્તકમાં થયેલ છે. પૂ. ભોજલરામબાપાનાં ''ચાબખા''પણ જગપ્રસિધ્ધ થયા છે.

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.94268 31241

સ્પે. વેકેશન બેચ
સ્પોકન ઈંગ્લિશ
સમય : સવારે ૮ થી ૧૦, બપોરે ૪ થી ૬
કોર્ષ ફી : RS.2500/-
ઓજસ કલાસીસ-અમરેલી
દિપક ભટ્ટ મો. ૯૮૭૯૭ ६૯૪૫૧

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (3) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ६૩६૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦६६૦

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેક્સના સર્ટિફિકેટ, 12AB,80G, ઈન્કમ ટેક્સના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦







લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
મહાજન ઈ-સ્ટેમ્પ
ઉપલબ્ધ સુવિધાઓ
CSC
E STAMP
પાનકાર્ડ | લાઈટ/ગેસ બીલ
પાસપોર્ટ | રેલ્વે/બસ/એર બુકીંગ
વાહન ઈન્શ્યોરન્સ | મની ટ્રાન્સફર
ફાસ્ટેગ | જીવન પ્રમાણપત્ર સર્ટી.
દરેક પ્રકારના રીચાર્જ | IT / GST રીટર્ન
વ્હાઈટ હાઉસ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, અમરેલી - ૩૬૫૬૦૧. (ગુજરાત)
95 86 86 86 45















### ભાજપના ચાણક્ય અમિત શાહે બનાવ્યો માસ્ટર પ્લાન

# પશ્ચિમ બંગાળ બાદ હવે મિશન પંજાબની તૈયારી શરૂ

## આગામી વર્ષે ફેબ્રુઆરીમાં યોજાનારી પંજાબ વિધાનસભા ચૂંટણી સુધી દર મહિને અમિત શાહ રાજ્યનો પ્રવાસ કરશે

નવી દિલ્હી, તા.૩૦

પશ્ચિમ બંગાળમાં પચાસથી વધુ રેલીઓ અને રોડ શો કરીને લગભગ પંદર દિવસના પ્રવાસ પછી દિલ્હી પહોંચતાં જ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે હવે મિશન પંજાબની તૈયારી શરૂ કરી દીધી છે. તેઓ હવે આગામી વર્ષે ફેબ્રુઆરીમાં યોજાનારી પંજાબ વિધાનસભા ચૂંટણી સુધી દર મહિને રાજ્યનો પ્રવાસ કરશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ૫ રાજ્યોની વિધાનસભા ચૂંટણીઓ પૂરી થતાં જ અમિત શાહે હવે પંજાબ પર પૂરું ધ્યાન કેન્દ્રિત કરવાનો નિર્ણય કર્યો છે. આગામી વર્ષે ફેબ્રુઆરીમાં ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, ગોવા અને મણિપુરની સાથે પંજાબમાં પણ વિધાનસભા ચૂંટણીઓ યોજાવાની છે. બાકીના ચાર રાજ્યોમાં ભાજપની સરકાર છે, પરંતુ પંજાબમાં ભાજપ પોતાની જમીન મજબૂત કરવાના રસ્તા શોધી રહી છે. આ જ કારણે ભાજપના ચાણક્ય કહેવાતા અમિત શાહે હવે પંજાબ પર ફોકસ કરવાનો નિર્ણય લીધો છે.સૂત્રોના જણાવ્યા અનુસાર, અમિત શાહનું મિશન પંજાબ મે મહિનાથી શરૂ થઈ જશે. તેઓ મે મહિનામાં પંજાબનો પ્રવાસ કરશે. આ દરમિયાન રાજ્યભરમાં ડ્રગ્સ વિરુદ્ધ ભાજપની જાગૃતિ યાત્રાઓ શરૂ કરવામાં આવશે. ભાજપે ડ્રગ્સને મોટો મુદ્દો બનાવીને રાજ્યભરમાં જનજાગૃતિ અભિયાન ચલાવવાનો નિર્ણય કર્યો છે. એક ભાજપ નેતાના જણાવ્યા અનુસાર, ભારતીય જનતા પાર્ટી પંજાબ સાથે સમગ્ર દેશમાં ડ્રગ્સ વિરુદ્ધ યુદ્ધ છેડી રહી છે અને આ યુદ્ધની શરૂઆત પંજાબથી જ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, અમિત શાહ લાંબા સમયથી પંજાબમાં ડ્રગ્સ વિરુદ્ધ યાત્રા કાઢવાની યોજના પર કામ કરી રહ્યા છે. વર્ષ ૨૦૧૬માં જ્યારે ભાજપ-અકાલી ગઠબંધન સરકાર હતી, ત્યારે પણ પાર્ટી અધ્યક્ષ તરીકે તેઓએ આ યાત્રા કાઢવાનો નિર્ણય લીધો હતો, પરંતુ અંદરના કારણોસર તે સમયે તેને મુલતવી રાખવામાં આવ્યો હતો. હવે ફરી એક વાર અમિત શાહ ડ્રગ્સને મોટો મુદ્દો બનાવીને આમ આદમી પાર્ટીની સરકારને આ મુદ્દે ઘેરવાની રણનીતિ તૈયાર કરી રહ્યા છે. ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ ડ્રગ્સને મોટો મુદ્દો બનાવ્યો હતો અને તેની જીતમાં આને પણ મોટું કારણ માનવામાં આવ્યું હતું. પરંતુ વિરોધી પક્ષોનો આરોપ છે કે આપ સરકાર આ મોરચે સંપૂર્ણપણે નિષ્ફળ નીવડી છે. આમ આદમી પાર્ટીના સાત રાજ્યસભા સાંસદોના આવવાથી પણ ભાજપના મિશન પંજાબને મદદ મળી છે. ખાસ કરીને રાઘવ ચઢ્ઢા અને સંદીપ પાઠક આપની અંદરની માહિતી હવે ભાજપ સુધી પહોંચાડશે. તેમ છતાં ભાજપના નેતાઓ કહે છે કે, હાલમાં એન્ટી-ઈક્મ્બન્સીનો સામનો કરી રહેલા આમ આદમી પાર્ટીના ધારાસભ્યોને સાથે લેવાનું કોઈ પ્લાનિંગ નથી. જોકે, કોંગ્રેસ અને શિરોમણિ અકાલી દળમાંથી કેટલાક નેતાઓ ભાજપમાં આવી શકે તેવી સંભાવના છે.ભાજપે પંજાબમાં અકાલી દળ સાથે ગઠબંધન ન કરવાનો નિર્ણય લીધો છે. પાર્ટી એકલા જ ચૂંટણી લડશે. ભાજપનું માનવું છે કે રાજ્યમાં તેના વિસ્તારની ઘણી ગુંજાઈશ છે. અમિત શાહે આ વર્ષે માર્ચ મહિનામાં મોગામાં 'બદલાવ રેલી' દ્વારા ભાજપના ચૂંટણી અભિયાનની શરૂઆત કરી દીધી હતી. તેમણે લોકોને યાદ કરાવ્યું હતું કે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપને પંજાબમાં ૧૯ ટકા વોટ મળ્યા હતા. તેમણે કહ્યું હતું કે, જે રાજ્યમાં ભાજપને ૧૯ ટકા વોટ મળે છે, તે રાજ્યમાં પછીથી તે સરકાર બનાવે છે —જેમ કે ઓડિશા, મણિપુર, અસમ, ત્રિપુરા અને ઉત્તરાખંડમાં થયું છે.ગૌરવપૂર્ણ વાત એ છે કે, ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપને પંજાબમાં ૧૮.૫૬ ટકા વોટ મળ્યા હતા, જે ૨૦૧૯ના ૯.૬૩ ટકાની સરખામણીમાં લગભગ ડબલ હતા. તેમ છતાં ભાજપ કોઈ લોકસભા સીટ જીતી શક્યું નહીં. ભાજપે જલંધર, લુધિયાણા અને પટિયાલા જેવી શહેરી બેઠકો પર સારી હાજરી દર્શાવી હતી અને રાજ્યની ૧૧૭ વિધાનસભા બેઠકોમાંથી ૨૩ બેઠકો પર આગળ રહી હતી. ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપનું પ્રદર્શન નિરાશાજનક રહ્યું હતું. આમ આદમી પાર્ટીની આંધીમાં ભાજપ માત્ર ૨ સીટ પઠાણકોટ અને સુઝાનપુર જ જીતી શક્યું હતું. તેને માત્ર ૬.૬ ટકા મત મળ્યા હતા.

### 70 KM ની ઝડપે પવનો ફૂંકાશે

# ૨૯ રાજ્યોમાં ગાજવીજ સાથે વરસાદ થશે, IMD નું એલર્ટ

## પશ્ચિમી વિક્ષોભને કારણે હવામાનમાં આવશે પલટો

નવી દિલ્હી, તા.૩૦

પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, ઉત્તર પ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને ગુજરાતમાં લૂ-ગરમીને કારણે તાપમાન ૪૦થી 46°C વચ્ચે રહ્યું. તો કોઈ જગ્યાએ આંધી અને તોફાનની સાથે હળવા વરસાદથી તાપમાનમાં ૨થી ૩ ડિગ્રીનો ઘટાડો થયો છે. ઉત્તર પ્રદેશના બાંદામાં સતત ત્રીજા દિવસે પારો ૪૫ ડિગ્રીથી ઉપર રહ્યો. તો ઉત્તર પ્રદેશના ૧૦ શહેરોમાં વરસાદ થયો છે.

IMD અનુસાર દેશમાં સાઈક્લોનિક સર્કુલેશનના રૂપમાં પશ્ચિમી વિક્ષોભ એક્ટિવ છે. પંજાબ, ઉત્તર-પૂર્વી રાજસ્થાન અને દક્ષિણ-પૂર્વી ઉત્તર પ્રદેશની આસ-પાસના ક્ષેત્રોમાં સાઈક્લોનિક સર્કુલેશન બનેલું છે. ૨ મેથી પશ્ચિમી હિમાલય ક્ષેત્રમાં એક નવું પશ્ચિમી વિક્ષોભ આવવાની સંભાવના પણ બનેલી છે. તેની અસરથી મધ્ય પ્રદેશ અને છત્તીસગઢમાં આગામી પાંચ દિવસ હળવાથી મધ્યમ વરસાદ થશે. દેશની રાજધાની દિલ્હીમાં આજે ૩૦ એપ્રિલે વાદળો છવાયેલા રહેશે. સાંજે કે રાત્રે હળવા વરસાદની સંભાવના છે. ગાજવીજ સાથે ભારે પવન ફૂંકાશે. એક અને બે મેએ વાદળો છવાયેલા રહેશે. ત્રણથી પાંચ મેથી હવાની ગતિ ૩૦થી ૪૦ કિમી સુધી પહોંચી શકે છે. IMD અનુસાર ઉત્તર-પશ્ચિમ ભારતમાં અને જમ્મુ-કાશમીરમાં ૩થી ૫ મે વચ્ચે હળવો વરસાદ અને બર્ફવર્ષા થઈ શકે છે. હિમાચલ પ્રદેશમાં ૩થી ૪ મે, ઉત્તરાખંડમાં ૫ મે સુધી વરસાદ પડી શકે છે. પંજાબ, હરિયાણા, ચંદીગઢમાં ૨થી ૫ મે વચ્ચે હળવો વરસાદ થવાથી ગરમીમાં રાહત મળી શકે છે. ઉત્તર પ્રદેશ, પશ્ચિમી રાજસ્થાન, પૂર્વી રાજસ્થાનમાં ૭૦ કિમી પ્રતિ કલાકની ઝડપી આંધી જોવા મળી શકે છે. તો કેટલીક જગ્યાએ વરસાદની સાથે કરાં પડી શકે છે.

IMD અનુસાર પૂર્વોત્તરમાં આગામી પાંચ દિવસ ગાજવીજ સાથે વરસાદ પડવાની સંભાવના છે. આ દરમિયાન પવનની ગતિ ૫૦-૭૦ કિમી રહી શકે છે. અરૂણાચલ, અસમ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરોમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે.

IMD અનુસાર પૂર્વી ભારતમાં ૧ મેથી ૫ મે વચ્ચે ઉપ-હિમાલયી પશ્ચિમ બંગાળ, સિક્કિમ, ગંગાના મેદાની વિસ્તાર, બિહાર, ઝારખંડ અને ઓડિશામાં હળવો વરસાદ થઈ શકે છે. આ દરમિયાન ભારે પવન ફૂંકાઈ શકે છે. આઈએમડી અનુસાર દક્ષિણ ભારતમાં તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, કેરળ, માહે, તટીય આંધ્ર પ્રદેશ, યમન, તેલંગણા, દક્ષિણ આંતરિક કર્ણાટક, લક્ષદ્વીપ, ઉત્તર આંતરિક કર્ણાટક, રાયલસીમા, કર્ણાટકમાં ૩૦ એપ્રિલથી બે મે સુધી વરસાદ થવાની સંભાવના છે.

### ચૂંટણી પંચ પર કોંગ્રેસના પ્રહાર

# 'એક્ઝિટ પોલ એક મોટું રેકેટ છે, CEC જ્ઞાનેશ કુમાર પક્ષપાતી'

## જયરામ રમેશે ગંભીર આક્ષેપ કરતા કહ્યું કે, 'ચૂંટણી પંચે આ ચૂંટણીઓમાં નિષ્પક્ષ કામગીરી નિભાવી નથી

નવી દિલ્હી, તા.૩૦

પશ્ચિમ બંગાળ સહિત પાંચ રાજ્યોના ગઈકાલે જાહેર થયા એક્ઝિટ પોલ જાહેર થયા બાદ કોંગ્રેસનું નિવેદન સામે આવ્યું છે. કોંગ્રેસે એક્ઝિટ પોલને રેકેટ ગણાવ્યું છે અને ચૂંટણી પર પક્ષપાત કરવાનો આક્ષેપ કર્યો છે. એક્ઝિટ પોલ મુજબ, બંગાળ અને આસામમાં ભાજપની જીત થવાની અને તમિલનાડુમાં દ્રવિડ મુન્નેત્ર કઝગમ (DMK), કેરળમાં લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટ (LDF), પુડુચેરીમાં ભાજપ ગઠબંધનની સરકાર બનવાની શક્યતા છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા જયરામ રમેશે કહ્યું કે, 'એક્ઝિટ પોલના તારણો રેકેટ જેવા અને ખોટા છે. હવે મત આપવાનો અધિકાર ખતરામાં આવી ગયો છે.' ગઈકાલે એક્ઝિટ પોલના તારણો જાહેર કરાયા હતા, જેમાં આસામમાં ભાજપ, કેરળમાં કોંગ્રેસ-ડાબેરી, તમિલનાડુમાં ડીએમકેને સત્તા જ્યારે પશ્ચિમ બંગાળમાં ત્રિશંકુ વિધાનસભાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે. જયરામ રમેશે ગંભીર આક્ષેપ કરતા કહ્યું કે, 'ચૂંટણી પંચે આ ચૂંટણીઓમાં નિષ્પક્ષ કામગીરી નિભાવી નથી. જેટલો મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે પક્ષપાત કર્યો છે, તેવું અગાઉ ક્યારેય થયું નથી. તેઓ અગાઉના અગાઉના ચૂંટણી કમિશનર કરતા વધુ પક્ષપાતી છે. અગાઉના સીઈસીના સમયથી પક્ષપાત શરૂ થયો હતો. અમે ચૂંટણી લડવાની સાથે ચૂંટણી પંચ સાથે પણ લડી રહ્યા હતા. અમે સંસદમાં રજૂ કરેલા મહાભિયોગ પ્રસ્તાવમાં જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ ૯ આક્ષેપો કર્યા છે.'

તેમણે એમ પણ કહ્યું કે, 'અમે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને હટાવવા માટે સંસદમાં ફરી મહાભિયોગ પ્રસ્તાવ લાવીશું. હવે સમય આવી ગયો છે કે, મત આપવાના અધિકારને મૌલિક અધિકાર બનાવાવનો સમય આવી ગયો છે. મત આપવો નાગરિકોનો બંધારણીય અધિકાર છે. ભારતનું બંધારણ બનાવવામાં યોગદાન આપનાર નંદલાલ બોઝના પરિવારનું નામ પણ મતદાર યાદીમાં સામેલ નથી.'

કોંગ્રેસ નેતાએ વધુમાં કહ્યું કે, 'પાત્ર ભારતીય નાગરિકોને મત આપવા અધિકારથી વંચિત કરવામાં આવી રહ્યા છે. ગૃહમંત્રીએ જે ઉદ્ધનો ઉલ્લેખ કર્યો હતો, તેનો અર્થ શોધો, હટાવો અને દેશમાંથી કાઢો હતો. તમે કેટલાક બિન-ભારતીયોને શોધ્યા, કેટલાને હટાવ્યા અને કેટલાને દેશમાંથી કાઢ્યા ? હવે મત આપવાનો અધિકાર ખતરામાં છે.'

ઉલ્લેખનીય છે કે, પશ્ચિમ બંગાળ, કેરળ, તમિલનાડુ, આસામ, પુડુચેરીમાં વિધાનસભાની ચૂંટણીનું મતદાન પૂર્ણ થઈ ગયું છે, બુધવારે પશ્ચિમ બંગાળમાં બીજા અને અંતિમ તબક્કામાં ભારે ગરમી વચ્ચે પણ રેકોર્ડ ૯૨.૪૭ ટકા મતદાન થયું હતું. હવે આ તમામ રાજ્યોના ચૂંટણી પરિણામો ચાર મેના રોજ જાહેર કરવામાં આવશે, એવામાં વિવિધ એજન્સીઓ દ્વારા હાથ ધરાયેલા એક્ઝિટ પોલ જાહેર કરવામાં આવ્યા છે. જે મુજબ આસામમાં ભાજપ, કેરળમાં કોંગ્રેસ-ડાબેરી, તમિલનાડુમાં ડીએમકેને સત્તા જ્યારે પશ્ચિમ બંગાળમાં ત્રિશંકુ વિધાનસભાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે.

### આરોગ્ય વિભાગે જાહેર કરી માર્ગદર્શિકા

# ચાર ધામ યાત્રાએ જતા હોય તો આ જરૂર વાંચી લો

## હિમાલયી વિસ્તારોમાં પ્રવાસીઓને અતિશય ઠંડી, ઓછું વાયુ દબાણ, ઓક્સિજનની અછતનો સામનો કરવો પડે છે

નવી દિલ્હી, તા.૩૦

ગુજરાત સહિત ભારતભરમાંથી દર વર્ષે લાખો યાત્રિકો આસ્થા સાથે હિમાલય વિસ્તારમાં આવેલી ચારધામની યાત્રા ભક્તિભાવ સાથે પૂર્ણ કરે છે. ચારધામ યાત્રાના તમામ તીર્થસ્થળો સમુદ્ર સપાટીથી અંદાજે ૨૭૦૦ મીટરથી વધુ ઊંચાઈ પર આવેલા છે. આ અત્યંત ઊંચા હિમાલયી વિસ્તારોમાં પ્રવાસીઓને અતિશય ઠંડી, ઓછું વાયુ દબાણ, ઓક્સિજનની અછત અને વધુ પડતા અલ્ટ્રાવાયોલેટ કિરણો જેવી પડકારરૂપ પરિસ્થિતિઓનો સામનો કરવો પડે છે. આવા સમયે તમામ યાત્રિકોની સુરક્ષા અને સુગમ યાત્રા સુનિશ્ચિત કરવા ચારધામ યાત્રા -૨૦૨૬ માટે રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા વિશેષ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.

૧. યાત્રા પૂર્વેની તૈયારી (3P - પ્લાનિંગ, પ્રિપેર્ડનેસ અને પેકિંગ)

પ્લાનિંગ - આયોજનઃ યાત્રાળુઓએ શરીરને ઊંચાઈ અને વાતાવરણ સાથે અનુકૂળ થવા માટે ઓછામાં ઓછા ૭ દિવસની યાત્રાનું આયોજન કરવું જોઈએ. મુસાફરી દરમિયાન દર ૧ કલાકના ટ્રેક કે ૨ કલાકના વાહન પ્રવાસ બાદ ૫-૧૦ મિનિટનો વિરામ લેવો જોઈએ.પ્રિપેર્ડનેસ- તૈયારીઃ યાત્રાળુઓએ દરરોજ ૫-૧૦ મિનિટ શ્વસન સંબંધિત વ્યાયામ અને ૨૦-૩૦ મિનિટ ચાલવાની ટેવ પાડવી જોઈએ. ૫૫ વર્ષથી વધુ ઉંમરના વ્યક્તિઓ અથવા હૃદયરોગ, દમ, બ્લડ પ્રેશર કે ડાયાબિટીસનો ઈતિહાસ ધરાવતા યાત્રિકોએ મુસાફરી પહેલાં ફરજિયાત આરોગ્ય તપાસ કરાવી લેવી જોઈએ.પેકિંગઃ યાત્રાળુઓએ પૂરતા ગરમ કપડાં જેમ કે - સ્વેટર, થર્મલ, પફર જેકેટ, હાથમોજા, મોજાં, રેનકોટ અને છત્રી સાથે રાખો. પલ્સ ઓક્સિમીટર, થર્મોમીટર જેવા પ્રાથમિક સાધનો, નિયમિત દવાઓ સાથે રાખવી. જો ડૉક્ટર મુસાફરી કરવાની ના પાડે, તો યાત્રા ટાળવી.ચાર ધામ યાત્રાએ જતા હોય તો આ જરૂર વાંચી લો, આરોગ્ય વિભાગે જાહેર કરી માર્ગદર્શિકા ૨ - દ્વક્ષ્મીર. યાત્રા દરમિયાન સાવચેતી આરોગ્ય કેન્દ્રોની જાણકારીઃ યાત્રા માર્ગ પર આરોગ્ય વિભાગ દ્વારા સ્થાપિત મેડિકલ કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને હોસ્પિટલોના નકશાનો સંદર્ભ લેવો.તાત્કાલિક લક્ષણોઃ જો કોઈ પણ યાત્રાળુને છાતીમાં દુખાવો, શ્વાસ લેવામાં તકલીફ, સતત ઉધરસ, ચક્કર આવવા, ચાલવામાં મુશ્કેલી, ઉલટી થવી, ત્વચા ઠંડી પડી જવી અથવા શરીરના કોઈ ભાગમાં સુનપણું લાગે તો વિલંબ કર્યા વિના નજીકના આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવો.સાવચેતીઃ યાત્રા દરમિયાન દારૂ, કેફિનયુક્ત પીણાં, ઊંઘની ગોળીઓ અને પેઈનકિલર્સ દવાઓથી દૂર રહેવું, ધૂમ્રપાન ન કરવું. આ ઉપરાંત પુષ્કળ પ્રમાણમાં પ્રવાહી જેમ કે ઓછામાં ઓછું ૨ લીટર પાણી લેવું અને પૌષ્ટિક આહાર લેવો.

૩. ખાસ ધ્યાન રાખવા જેવી બાબતો

યાત્રા દરમિયાન ૫૫ વર્ષથી વધુ ઉંમરના વ્યક્તિઓ, ગર્ભવતીઓ , હૃદયરોગ, બ્લડ પ્રેશર, દમ, ડાયાબિટીસ અને સ્થૂળતા (ઓબેસિટી) ધરાવતા યાત્રિકોએ વિશેષ કાળજી રાખવી. કોઈપણ આરોગ્ય સંબંધિત કટોકટીના સમયે તરત જ ૧૦૪ હેલ્પલાઈન નંબર પર સંપર્ક કરવો તેમ આરોગ્ય વિભાગની યાદીમાં જણાવાયું છે.

### હવે દુબઈમાં ઘરનું ઘર ખરીદવુ બનશે શક્ય

# દુબઈમાં રિયલ એસ્ટેટને બેઠુ કરવા વિઝા નિયમોમાં કરાયો ફેરફાર

## આના પગલે હવેથી નાના રોકાણકારો પણ સાધારણ બજેટમાં ઘરનું ઘર ખરીદીને દુબઈમાં રહેઠાણ બનાવી શકે છે

અબુધાબી, તા.૩૦

દુબઈએ તેના રિયલ એસ્ટેટ ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. હવે, નાના રોકાણકારો પણ દુબઈમાં મિલકત ખરીદીને રહેઠાણ વિઝા મેળવી શકે છે. દુબઈની સરકારે બે વર્ષના પ્રોપર્ટી-લિંક્ડ વિઝા માટે લઘુત્તમ મિલકત મૂલ્યની આવશ્યકતા હટાવી નાખી છે. જો કે, વર્તમાન નિયમોમાં એક એવો ફેરફાર કરાયો છે કે, સંયુક્ત માલિકીની મિલકતોમાં રોકાણ કરનારાઓ માટે, પ્રતિ રોકાણકાર લઘુત્તમ શેર મૂલ્ય નક્કી કરવામાં આવ્યું છે. આ ફેરફારથી દુબઈના રિયલ એસ્ટેટ ક્ષેત્ર ખાસ કરીને મધ્યમ આવક ધરાવતા લોકો અને વિદેશી રોકાણકારો માટે આકર્ષક બનશે તેવી અપેક્ષા છે. સૌ કોઈ જાણે છે કે, ગલ્ફના દેશોમાં દુબઈ એ એક મુખ્ય વ્યવસાય કેન્દ્ર છે. રિયલ એસ્ટેટ ક્ષેત્રના રોકાણને વધુ પ્રોત્સાહન આપવા માટે, દુબઈએ તેના વિઝાના નિયમોમાં મુખ્ય ફેરફારો લાગુ કર્યા છે. નવા નિયમો હેઠળ, બે વર્ષના પ્રોપર્ટી-લિંક્ડ રેસીડેન્સી વિઝા માટે ફરજિયાત લઘુત્તમ મિલકત મૂલ્યની આવશ્યકતા નાબૂદ કરવામાં આવી છે. પહેલાં, રોકાણકારોએ ઓછામાં ઓછી ૭૫૦,૦૦૦ AED (આશરે રૂપિયા ૧.૯ કરોડ) ની મિલકત ખરીદવી જરૂરી હતી. જોકે, હવે આ જવાબદારી હટાવી લેવામાં આવી છે. જોકે, સરકારે સંયુક્ત રીતે ખરીદેલી મિલકતો માટે એક નવો નિયમ રજૂ કર્યો છે. હવે, જો કોઈ મિલકત એક કરતાં વધુ રોકાણકારોની માલિકીની હોય, તો દરેક રોકાણકારનો વ્યક્તિગત હિસ્સો ઓછામાં ઓછો દ્દઈહ્ન ૪૦૦,૦૦૦ (આશરે રૂપિયા ૧.૦૩ કરોડ) ની કિંમતનો હોવો જોઈએ. અગાઉ, આ મર્યાદા પ્રતિ રોકાણકાર દ્દઈહ્ન ૭,૫૦,૦૦૦ હતી, જેના કારણે નાના રોકાણકારો માટે પ્રોપર્ટી બજારમાં પ્રવેશવું ખૂબ મુશ્કેલ બન્યું હતુ. રિયલ એસ્ટેટ ક્ષેત્રના નિષ્ણાતો માને છે કે, આ પગલું મધ્યમ-સેગમેન્ટના રોકાણકારો માટે એક મોટી તક રજૂ કરે છે. તે ફક્ત વ્યક્તિગત ખરીદદારો માટે માર્ગો ખોલે છે જ નહીં પરંતુ તે મિલકતોના વેચાણને વેગ આપવાની પણ અપેક્ષા રાખે છે જે અગાઉ વિઝા પાત્રતા માટે લાયક ન હતી. દુબઈએ તેના રિયલ એસ્ટેટને વિશ્વના રોકાણકારો માટે એવા સમયે ખોલી નાખ્યું છે જ્યારે મધ્ય પૂર્વના દેશમાં ઈરાન ઉપર અમેરિકા અને ઈઝરાયેલે હુમલો કર્યો હતો. ત્યાર બાદ ઈરાને અમેરિકાના આર્મી બેઝ કેમ્પ જે જે દેશમાં હતા તે દેશ ઉપર મિસાઈલ મારો કરીને પડોશી દેશ પ્રત્યે નારાજગી વ્યક્ત કરી હતી. આ યુદ્ધને પગલે, માત્ર દુબઈ જ નહીં, સમગ્ર ગલ્ફ ક્ષેત્રના રિયલ એસ્ટેટ સહીતના અન્ય વિકસેવા ઉદ્યોગો ઠપ્પ થઈ ગયા હતા. ઈરાને દુબઈમાં કરેલા મિસાઈલ હુમલાને કારણે, પ્રોપર્ટી ક્ષેત્રે રોકાણકારોમાં ભારે ગભરાટ ફેલાયો હતો. દુબઈમાં મિલકતના વેચાણમાં ભારે ઘટાડો જોવા મળ્યો છે. જેના કારણે ડેવલપર્સે ડિસ્કાઉન્ટ ઓફર અને ગ્રાહકને અનુકૂળ હોય તે પ્રકારે નાણાકીય ચુકવણી કરવાની યોજનાઓ ઓફર કરવા પ્રેરાયા છે.

### યુદ્ધ વચ્ચે ડોલરનો દબદબો ખતમ થશે!

# ભારત-રશિયા સહિતના BRICS દેશો ડોનાલ્ડ ટ્રમ્પને આપશે ઝટકો

નવી દિલ્હી, તા.૩૦

ઈરાન અને અમેરિકા વચ્ચે વધતા તણાવને કારણે વૈશ્વિક બજારમાં ભારે અસ્થિરતા જોવા મળી રહી છે. ભારતીય રૂપિયો ડોલર સામે ૯૫ ના સ્તરને પાર કરી જતાં ભારત હવે પોતાની આર્થિક સુરક્ષા માટે સજાગ થયું છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) એ બ્રિક્સ દેશો સાથે મળીને એક નવી ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ વિકસાવવાનો પ્રસ્તાવ રજૂ કર્યો છે.આ નવી પેમેન્ટ સિસ્ટમનો મુખ્ય ઉદ્દેશ્ય પશ્ચિમી દેશો દ્વારા લાદવામાં આવતા પ્રતિબંધો અને અમેરિકી ડોલરની અસ્થિરતાના પ્રભાવને ઓછો કરવાનો છે. આ ફ્રેમવર્ક હેઠળ બ્રિક્સ સભ્ય દેશો (બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન, દક્ષિણ આફ્રિકા, ઈજિપ્ત, ઈથોપિયા, ઈન્ડોનેશિયા, ઈરાન અને UAE) સીમા-પારના વ્યવહારો સ્થાનિક ચલણમાં જ પતાવશે. આનાથી ડોલરમાં કન્વર્ટ કરવાની ફી બચશે અને પશ્ચિમી બેંકો પરની નિર્ભરતા ઘટશે.નિષ્ણાંતોના મતે, આ પેમેન્ટ સિસ્ટમ ભારત માટે મહત્વની વસ્તુઓની આયાત કરવા અને નાણાકીય પ્રતિબંધોથી બચવા માટે એક વીમા પોલિસી જેવું કામ કરશે. બ્રિક્સ દેશો પાસે વિશ્વના ૪૨% તેલ અને ૪૦% અનાજનું ઉત્પાદન છે, જે આ જૂથની આર્થિક તાકાત દર્શાવે છે. જોકે, ભારત માટે પડકાર એ છે કે આ પ્લાનથી અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ નારાજ ન થાય. ભારત અમેરિકા સાથે વ્યાપાર કરાર કરવા માટે વાટાઘાટો કરી રહ્યું છે, તેથી ભારતે અમેરિકાને વિશ્વાસમાં લેવું પડશે કે આ સિસ્ટમ ડોલરના વિકલ્પ તરીકે નહીં, પરંતુ માત્ર વ્યવહારોને સરળ બનાવવા માટે છે. નવી દિલ્હીમાં આગામી ૧૪-૧૫ મેના રોજ યોજાનારી બ્રિક્સ વિદેશ મંત્રીઓની બેઠકમાં આ પેમેન્ટ કનેક્ટિવિટીના મુદ્દા પર ગંભીર ચર્ચા થવાની શક્યતા છે.

### યુપીના બિઝનૌર જિલ્લામાંથી હચમચાવી નાખતી ઘટના

# ડિજિટલ અરેસ્ટ થતાં મહિલાએ જીવ આપી દીધો, ડાયરીમાંથી ખુલ્યું રહસ્ય

## લગ્નની વર્ષગાંઠના એક દિવસ પહેલા જ બ્લેકમેલિંગથી પરેશાન મોનિકાએ આત્મહત્યા કરી લીધી હતી

બિજનૌર, તા.૩૦

ઉત્તર પ્રદેશના બિઝનૌર જિલ્લામાંથી એક હચમચાવી નાખતી ઘટના સામે આવી છે.જ્યાં ડિજિટલ અરેસ્ટ પીડિતાએ ફાંસી લગાવીને આત્મહત્યા કરી લીધી છે. મૃતકની ઓળખ મોનિકા તરીકે થઈ છે. મોનિકાના પરિવારે અંતિમ સંસ્કાર પણ કરી નાખ્યા છે. જે બાદમાં ઘરમાંથી મોનિકાની એક ડાયરી હાથ લાગી છે. સુસાઈડ નોટમાં મોનિકાએ બ્લેકમેલ કરવાની વાત લખી છે.

મોનિકાએ વોટ્સએપ પર કેટલાય નંબર, મેસેજ, ઓડિયો કોલ મળ્યા છે. લગ્નની વર્ષગાંઠના એક દિવસ પહેલા જ બ્લેકમેલિંગથી પરેશાન મોનિકાએ આત્મહત્યા કરી લીધી છે. આ ઘટના બાદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. મોનિકાની ડાયરીમાંથી જે સુસાઈડ નોટ મળી છે, તેમાં લખ્યું છે કે, જીવ આપવા માટે મારી મમ્મીનું ધ્યાન રાખજો. ભાભી દરેક જિંદગીમાં તમે મને, મમ્મી-પાપા અને ભાઈ ભાભી મળો અને મારા બાળકોનું ધ્યાન રાખજો. સોરી જિયા, મમ્માને મરવું જ પડશે. એ છોકરાએ બહુ હેરાન કરી છે તમારી મમ્મીને. ઘટનાની જાણકારી આપતા જિલ્લાના એસપીએ કહ્યું કે આજે ફરીદપુરના રહેવાસી એક યુવકે પોલીસ સ્ટેશનમાં આવેદન આપ્યું છે કે ૨૮ તારીખના સવારે તેની પત્નીએ આત્મહત્યા કરી લીધી હતી.

તે સમયે તેમના પરિવાર દ્વારા કોઈ સૂચના નહોતી આપી અને અંતિમ સંસ્કાર કરી લીધા હતા. પણ બાદમાં તેમને જાણકારી થઈ કે મૃતકા એક સુસાઈડ નોટ છોડી છે. જેમાં તેને કોઈ યુવક દ્વારા પરેશાન કરવાનો ઉલ્લેખ કર્યો છે અને તેને જ ઘટનાનું કારણ ગણાવ્યું છે. એસપીએ જણાવ્યું કે જો તે સુસાઈડ નોટમાં તે છોકરાનું નામ, ફોન નંબર વગેરે કોઈ વસ્તુ લખેલી નથી. પણ જ્યારે અમે મૃતકાનો ફોન ચેક કર્યો તો તેમાં બે ત્રણ અજાણ્યા નંબર મળ્યા, જેમાં ચેટ્સ હતી. તેમાંથી એક નંબર પર કોલ કર્યો તો તેને બેક કોલમાં એક વીડિયો કોલ આવ્યો, જેમાં એક યુવકે યુનિફોર્મ પહેર્યો હતો. તેણે આ પરિવારને ધમકાવ્યો હતો, જેણે કોલ કર્યો હતો. આના આધાર પર પરિવારે આશંકા વ્યક્ત કરી કે આ પ્રકરણ સાઈબર અપરાધનું હોઈ શકે છે. તેના આધાર પર પરિવારને ફરિયાદ લેવામાં આવી છે.

### કોંગ્રેસે આપેલા સંકેતથી ટેન્શન

# ઉદ્ધવ ઠાકરેની જીદ બાદ I.N.D.I.A ગઠબંધનમાં પણ ભારે ખેંચતાણ

## વિધાન પરિષદમાં જો કોંગ્રેસ પક્ષ પોતાના ઉમેદવાર માટે દબાણ બનાવશે તો એ નક્કી છે કે પરસ્પર ખેંચતાણ શરૂ થઈ જશે

મુંબઈ, તા.૩૦

ઉદ્ધવ ઠાકરેએ આ વખતે વિધાન પરિષદના સભ્ય ન બનવાનો નિર્ણય લીધો છે. તેમના સ્થાને ઉદ્ધવ સેના ઈચ્છે છે કે અંબાદાસ દાનવેને ગૃહમાં મોકલવામાં આવે. ઉદ્ધવ ઠાકરે ઠાકરે પરિવારના એવા પ્રથમ સભ્ય હતા જે ગૃહમાં પહોંચ્યા હતા. તે સમયે એવી ચર્ચાએ પણ જોર પકડ્યું હતું કે, આ એક ખોટી પરંપરા છે અને તે બાલાસાહેબ ઠાકરેની વિચારધારાથી અલગ છે, કારણ કે તેઓ પોતે ક્યારેય કોઈ પણ ગૃહમાં ચૂંટાયા નહોતા. આવી સ્થિતિમાં ઉદ્ધવ ઠાકરેના આ નિર્ણયને પોતાની ભૂલ સુધારવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહ્યો છે. આ વચ્ચે એવી માહિતી પ્રાપ્ત થઈ રહી છે કે ભલે ઉદ્ધવ ઠાકરે વિધાન પરિષદના સભ્ય બનવા ન માંગતા હોય, પરંતુ I.N.D.I.A ગઠબંધન હવે તેમના સ્થાને ઉદ્ધવ સેનાના અન્ય કોઈ નેતાના નામ પર સહમત નથી દેખાઈ રહ્યું.કોંગ્રેસે સંકેત આપ્યો છે કે જો ઉદ્ધવ ઠાકરે પોતે ગૃહમાં નહીં જાય, તો તે પોતાનો ઉમેદવાર ઉતારી શકે છે. મહારાષ્ટ્રમાં નવ વિધાનસભા બેઠકો ખાલી પડી રહી છે અને તેમાં બેઠક જ વિપક્ષી ગઠબંધન જીતવાની સ્થિતિમાં છે. આવી સ્થિતિમાં એક અનાર સો બીમાર જેવી સ્થિતિ સર્જાઈ રહી છે. ઉદ્ધવ ઠાકરે મોટા નેતા છે, તેથી કોઈ તેમની બેઠક પર દાવો નહોતું કરી રહ્યું, પરંતુ હવે જ્યારે તેઓ પાછળ હટી રહ્યા છે, ત્યારે કોંગ્રેસની આશાઓ વધી રહી છે. ૨૦૨૦માં જ્યારે ઉદ્ધવ ઠાકરે મુખ્યમંત્રી બન્યા હતા ત્યારે NCP અને કોંગ્રેસે તેમને વિધાનસભા પરિષદમાં જવા માટે કહ્યું હતું. આમ ત્રણેય પક્ષો સત્તા માટે એકજૂઠ થયા હતા, પરંતુ હવે જ્યારે વિપક્ષમાં છે ત્યારે એક-એક બેઠક માટે સંઘર્ષની સ્થિતિ બની રહી છે.

તાજેતરમાં, કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ હર્ષવર્ધન સકપાલે ઉદ્ધવ ઠાકરે સાથે મુલાકાત કરી હતી અને કહ્યું હતું કે, તમે ખુદ ચૂંટણીમાં ઉતરો. આ ઉપરાંત તેમણે એવો પણ સંકેત આપ્યો હતો કે જો સેના પ્રમુખ પોતે વિધાન પરિષદમાં નહીં જાય તો કોંગ્રેસ પોતાનો ઉમેદવાર ઉતારવા માગે છે. બુધવારે હર્ષવર્ધન સકપાલ દિલ્હીમાં હતા અને પાર્ટીના વરિષ્ઠ નેતાઓ સાથે મુલાકાત કરી હતી. એવું માનવામાં આવે છે કે તેમણે હાઈકમાન્ડ પાસે એ માગ કરી છે કે હવે ઉદ્ધવ ઠાકરે દ્વારા ખાલી કરાયેલી બેઠક માટે કોંગ્રેસે પોતાનો ઉમેદવાર મેદાનમાં ઉતારવો જોઈએ.આવી સ્થિતિમાં જો કોંગ્રેસ પક્ષ પોતાના ઉમેદવાર માટે દબાણ બનાવશે તો એ નક્કી છે કે પરસ્પર ખેંચતાણ શરૂ થઈ જશે. કોંગ્રેસની એ દલીલ એ પણ છે કે આખરે ઉદ્ધવ સેના તેના સાથી પક્ષોને વિશ્વાસમાં લીધા વિના એકપક્ષીય નિર્ણય કેવી રીતે લઈ શકે છે. આટલું જ નહીં કોંગ્રેસના અન્ય નેતા ભાઈ જગતાપે તો દાનવે સામે ઉમેદવાર જ ઉતારવાની વાત કરી છે. તેમણે કહ્યું કે આ મામલે સાચો અભિપ્રાય રહેશે, પરંતુ મને એટલી જાણકારી છે કે, અંબાદાસ દાનવે વિરુદ્ધ કોંગ્રેસ પોતાનો ઉમેદવાર ઉતારી શકે છે. હવે આ મામલો રસપ્રદ બનતો જાય છે કારણ કે વિપક્ષમાં વિભાજનને કારણે ભાજપ અને શિવસેના પણ એક વધારાનો ઉમેદવાર ઉતારી શકે છે.

### આઈસીએસઈ બોર્ડ પરીક્ષામાં

# અમરેલી : શ્રીમતી એસ.એમ. વઘાસીયા અંગ્રેજી માધ્યમની સ્કુલનું ૧૦૦ ટકા પરિણામ આવ્યુ

## તીર્થ ઝીંઝુવાડીયા, જીત કથીરીયા અને જેમ્સ જોગાણી અગ્રેસર





અમરેલી, તા. ૩૦

અમરેલીમાં જિલ્લા લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી એસ.એમ. વઘાસીયા અંગ્રેજી માધ્યમની સ્કુલનું આઈસીએસઈ બોર્ડ પરીક્ષામાં ૧૦૦ ટકા પરિણામ આવેલ છે.

સ્કુલનાં વિદ્યાર્થીઓ તીર્થ ઝીંઝુવાડીયા, જીત કથીરીયા અને જેમ્સ જોગાણી અગ્રેસર રહ્યા છે સ્કુલના ટ્રસ્ટીઓ, સ્ટાફગણે વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી છે.

### રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ શતાબ્દી વર્ષ નિમિત્તે

# અમરેલીની સરકારી પોલિટેકનિક કોલેજમાં કાપડની થેલીનું વિતરણ કરવામાં આવ્યું

## પ્લાસ્ટીક બેગનો ઉપયોગ ન કરવા શપથ લેવાયા



અમરેલી, તા. ૩૦

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ શતાબ્દી વર્ષ નિમિતે જે પંચ પરિવર્તન ૧. સ્વદેશી, ૨. કુટુંબ પ્રબોધન, ૩. નાગરિક કર્તવ્ય, ૪. સામાજિક સમરસતા અને ૫. પર્યાવરણ સંરક્ષણની વાત પર ભાર મૂકવામાં આવ્યો છે. તેમાંથી પ્રેરણા લઈ પર્યાવરણ સંરક્ષણ માટે તા.૨૯/૪/૨૫ના રોજ ડોક્ટર જીવરાજ એન. મહેતા સરકારી પોલિટેકનિક અમરેલીના સેમ ૬ ઈલેક્ટ્રીકલ એન્જિનિયરિંગ વિભાગના વિદ્યાર્થીઓને રોજ બરોજના ઉપયોગમાં કાપડ થેલીનો ઉપયોગ કરે તે સંદેશ સાથે કાપડની થેલીનું વિતરણ કરવામાં આવ્યું અને પ્લાસ્ટીક બેગ, સિંગલ યુઝ પ્લાસ્ટીકનો ઉપયોગ ન કરે તે માટે શપથ લેવડાવવામાં આવ્યા.

### આજે ૧લી મે ગુજરાતનો સ્થાપના દિવસ

# ગુજરાતનાં જાહેર સેવા આયોગનાં પ્રથમ અધ્યક્ષ રાઘવજીભાઈ લેઉવા

## ૧૯૬૦ના રોજ ગુજરાત રાજયની સ્થાપના થયેલ



અમરેલી, તા. ૩૦

રાઘવજીભાઈ થોભણભાઈ લેઉવા (જ.૧ ઓગસ્ટ, ૧૯૦૯, અમરેલી) ગુજરાત નિષ્ઠાવાન રાજકારણી અને ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ, ગરીબ, શ્રમજીવી વણકર પરિવારમાં જન્મેલા રાઘવજીભાઈને બાળપણથી અસ્પૃશ્યતાનો અનુભવ થયો, પરંતુ વડોદરા રાજયની ફરજીયાત શિક્ષણની નીતિને કારણે શિક્ષણ મેળવી શકયા. તેજસ્વી વિદ્યાર્થી તરીકે પહેલા નંબર તેઓ પાસ થતા. શાળા જીવનમાં અસ્પૃશ્યતાના કડવા અનુભવો છતાં સમભાવભરી નીતિ અને હદયની વિશાળતાને કારણે તેઓ સૌનાં મન જીતી લેતા અભ્યાસ દરમિયાન રમેશભાઈ રાનડેની આત્મકથાના વાંચને તેમને પ્રભાવિત કર્યા આ તેજસ્વી વિદ્યાર્થીને લોકસેવક ઠકકરબાપાની સહાયથી ગુજરાત કોલેજની વિજ્ઞાન વિદ્યાશાખામાં અભ્યાસ કરવાની તક સાંપડી, ઠકકરબાપા તેમને રાઘવજીના સન્માનપૂર્વક સંબોધનથી બોલાવતા, જેથી તેઓ ગુજરાતના રાજકીય અને જાહેરજીવનમાં 'રાઘવજી' તરીકે જાણીતા બન્યા. કોલેજના અભ્યાસ દરમિયાન તેમણે આઝાદીની ચળવળ માં ભાગ લીધો. વળી તેમણે ઈતરવાચન પણ વિકસાવ્યું ગાંધી વિચારો, જાણ્યા, સમજયા અને આચરણમાં મુકયા બી.એસ.સી. થયા પછી કાયદાનો અભ્યાસ કરવાનો નિર્ણય કર્યો અને મુંબઈની ગવર્નમેન્ટની કોલેજમાં જોડાયા તેઓ કોલેજના આચાર્ય ડો. બાબા સાહેબ આંબેડકરના નિટકના પરિચયમાં આવ્યા અને રાજકીય પ્રવૃતિઓમાં સક્રિય ભાગ લેવાનું શરૂ કર્યુ. તેમણે કાયદાના સ્નાતક બની વડોદરા રાજયના ન્યાયવિભાગમાં પ્રારંભે મેજીસ્ટ્રેટ અને પછી ન્યાયાધીશ તરીકે સેવાઓ આપી. વડોદરા નરેશના પ્રોત્સાહનથી ઈંગ્લેન્ડ જઈ કાયદાશાસ્ત્રનો વધુ અભ્યાસ આરંભ્યો. પરંતુ બીજું વિશ્વયુદ્ધ (૧૯૩૯-૪૫) ફાટી નીકળતાં સ્વદેશ પાછા ફર્યા. ભારત આઝાદ થાય બાદ ૧૯૪૮માં પ્રારંભે વડોદરા રાજયના શિક્ષણ અને પંચાયત ખાતાના પ્રધાન બન્યા. વડોદરા રાજયનું ૧૯૪૯માં મુંબઈ રાજયમાં વિલીનીકરણ થતાં મુંબઈ વિધાનસભાના સભ્ય તરીકે ૧૯૫૨ સુધી કામગીરી બજાવી. સાથેસાથે સામાજીક ઉત્થાન અને અસ્પૃશ્યતા નિવારણની પ્રવૃતિઓમાં સક્રિય રહ્યા. ૧૯૬૦માં ગુજરાત રાજયની સ્થાપના સમયે મુખ્યપ્રધાન ડો. જીવરાજ મહેતાએ તેમને ગુજરાત જાહેર સેવા આયોગના અધ્યક્ષ તરીકે પસંદ કર્યા ૧૯૬૦ થી ૧૯૬૬ સુધી આ પદ પર રહી તેમણે ઊંચી પરંપરાઓ સાથે પંચનો કાર્યભાર વહન કર્યો. ૧૯૬૭ અને ૧૯૭૨માં ધારી કોડિનાર મતવિસ્તારમાંથી અને ૧૯૭૫માં કરજણ મતવિસ્તારમાંથી વિધાનસભાના સભ્ય તરીકે ચૂંટાયા હતા. ૧૯૬૭ અને ૧૯૭૨માં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તરીકે તેઓ બિનહરીફ ચૂંટાયા હતા. અધ્યક્ષ તરીકે તેમની કામગીરીમાં સંસદીય કાર્યવાહીનું ઊંડું જ્ઞાન, કાર્ય પ્રત્યેની નિષ્ઠા અને અભ્યાસ પ્રગટ થતાં અધ્યક્ષીય કામગીરીમાં તેમજ રોજિંદા જીવનમાં તેઓ શિસ્તના આગ્રહી હતા. ગૃહની કાર્યવાહી અંગે તેઓ ઘેરી નિસબત ધરાવતા હતા.

**લી. કમલેશભાઈ લેઉવા**

# જય જય ગરવી ગુજરાત : આજે ગૌરવંતા ગુજરાતનો સ્થાપના દિન



અમરેલી, તા. ૩૦

ગુજરાત રાજયની સ્થાપના ૧ મે ૧૯૬૦ના રોજ થઈ એ મહાનુભાવો કે જેમણે મહાગુજરાત ચળવળ ચલાવી અને મુંબઈ રાજયમાંથી ગુજરાતને પોતાની એક અલગ ઓળખ આપી એવા ઈન્દુલાલ યાજ્ઞિકથી શરૂ કરીને આપણાં ડો. જીવરાજ મહેતા જેવા મહાનુભાવોને યાદ કરવા જોઈએ કે જેમણે ગુજરાત અને ગુજરાતીઓ માટે પોતાનો જીવ રડ્યો અને ગુજરાતને સમગ્ર દુનિયામાં ભાષા, સંસ્કૃતિ અને સાહસથી તેને નામ આપ્યું. ૬ કરોડથી પણ વધુ વસ્તી ધરાવતા રાજયમાં હવે ચમચમાટ કરતા દ્રુમ ગતિમાર્ગ આકાર લઈ રહ્યાં છે. સમય અને શકિતઓ કામ લાગે ત્યારે એક અવ્વલ ગુજરાતી એવા નરેન્દ્ર મોદી ફરી ગુજરાતને મળે છે કે જે સમગ્ર દેશને નેતૃત્વ આપે છે. એટલું જ નહીં ગુજરાત જે રીતે રાષ્ટ્રીય કક્ષાએ નેતૃત્વ વિહીન હતું તેને પ્રાણ પૂરવાનું કામ આ શખ્સિયત કરે છે. જેથી વીજળી, ઉદ્યોગો, રેલવે, શિક્ષણ, આરોગ્ય, માળખાગત સગવડતાઓ, વિમાન પ્રાધિકરણ વગેરે જેવી સુવિધાઓને પોતાના ઘર તરફ નાળિયેર ફેંકવાની સેવા તેમના દ્વારા થતી રહે છે. તેનાથી ગુજરાત પોતાની ઊંચાઈઓ કરતા પણ મોટું કદ પ્રાપ્ત કરે છે. છેલ્લા દસ વર્ષમાં ગુજરાત ઉદ્યોગોના આમંત્રણ માટે નોંધપાત્ર કામગીરી કરી છે. આંકડાઓની ઝંઝાળમાં નથી જવું પણ વ્યકિત દીઠ આવકમાં ગુજરાતના અન્ય રાજયો કરતા પણ મોખરાના રાજય તરીકે સિંહાસન પર બિરાજી રહ્યું છે તેનો આનંદ છે.નર્મદા જેવી આપણી જીવા દોરી કચ્છને હરિયાળું કરવા માટે તેના ચરણ પખાળી રહી છે. સૌરાષ્ટ્ર જયાં પાણી માટે ટ્રેનનો ચલાવવી પડતી હતી ત્યાં આજે તળાવો પાણીના હેલ્લારાથી ઘુઘવટા કરી રહ્યાં છે. વીજળી અને ઉદ્યોગોના ક્ષેત્રમાં પણ આપણે ગૌરવ કરીને કોલર ઊંચો કરી શકીએ છીએ.

અમેરિકા, યુરોપ અને બીજા વિકસિત દેશોમાં ગુજરાતી પહોંચ્યો છે અને ત્યાં પણ હૂંડિયામણ પોતાના દેશ પોતાના રાજય ગામ અને વિસ્તાર માટે ખેંચી રહ્યો છે. તેનાથી એ વિસ્તારની સમૃદ્ધિ ૧૬ કરતાં પણ એક વધુ કળા એક ખીલી રહી છે. ગુજરાત મુંબઈથી જે રીતે જુદું પડ્યું અને મોરારજી દેસાઈ સહિત બધાં જ લોકોએ તેને એક અવાજે સંમતિ આપી દીધી તેથી ગુજરાતની એક ભાગીદારી ઓછી થઈ અને પોતાની સ્વતંત્ર પહેચાન બનાવી શકાઈ. કદાચ આ વિકાસની વ્યવહારની વાત જોગુજરાત સ્વતંત્ર ન હોત તો કદાચ સંભવ છે કે કેમ તેના પર સવાલ ઊભો થાય.

એક ગુજરાતી તરીકે આપણે સે ગુજરાત સ્થાપના દિનની પૂર્વ શ્રદ્ધાએ ૬૬માં વર્ષમાં સમાન માતૃભૂમિને પ્રણામ અને વંદન કરીએ છીએ. ફરી તેમના અલગ અને અવ્વલ એવા મિજાજના દર્શન કરવા આતુર છીએ.

**જય જય ગરવી ગુજરાત**
**તખુભાઈ સાંડસુર**

### સામે આવ્યા આંકડા

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં AAP અને કોંગ્રેસના હજારો ઉમેદવારોની ડિપોઝિટ ગુલ

## કોંગ્રેસ પક્ષના ૨૨૨૩ ઉમેદવારોની ડીપોઝિટ જપ્ત, જ્યારે એએપીના કુલ ૩૩૬૫ ઉમેદવારોની ડિપોઝીટ જપ્ત થઈ

ગાંધીનગર, તા.૩૦

ગુજરાતમાં તાજેતરમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના પરિણામો બાદ હવે પક્ષવાર દેખાવના ચોંકાવનારા આંકડાઓ સામે આવ્યા છે. જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકાઓમાં ભાજપના દબદબા સામે વિપક્ષી પાર્ટીઓની સ્થિતિ અત્યંત દયનીય જોવા મળી છે. ખાસ કરીને આમ આદમી પાર્ટી (AAP) અને કોંગ્રેસના હજારો ઉમેદવારો પોતાની ડિપોઝિટ પણ બચાવી શક્યા નથી.આમ આદમી પાર્ટીના ૩૩૬૫ ઉમેદવારોની ડિપોઝિટ જપ્ત થઈ છે, જ્યારે કોંગ્રેસમાં ૨૨૨૩ ઉમેદવારોનો સમાવેશ થાય છે. આ આંકડાઓ રાજયની તમામ મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતોના સંયુક્ત પરિણામો પર આધારિત છે. આ આંકડાઓ સ્પષ્ટ કરે છે કે ગુજરાતના મતદારોએ કાં તો સત્તાધારી પક્ષ પર ભરોસો મૂક્યો છે અથવા તો વિપક્ષના મતોનું મોટા પાયે વિભાજન થયું છે. આમ આદમી પાર્ટી માટે સંખ્યાબળની દ્રષ્ટિએ ઉમેદવારો ઉતારવા સહેલા રહ્યા પણ જનમત મેળવવામાં તેઓ નિષ્ફળ સાબિત થયા છે, જ્યારે કોંગ્રેસ માટે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવું પણ હવે પડકારજનક બન્યું છે. મહાનગરપાલિકા અને નગરપાલિકાના શહેરી વિસ્તારોમાં આમ આદમી પાર્ટીએ આક્રમક પ્રચાર કર્યો હોવા છતાં અનેક બેઠકો પર તેમના ઉમેદવારો નોંધપાત્ર મતો મેળવવામાં નિષ્ફળ રહ્યા છે. તેવી રીતે જિલ્લા અને તાલુકા પંચાયતમાં ગ્રામીણ સ્તરે કોંગ્રેસનો પરંપરાગત ગઢ ગણાતા વિસ્તારોમાં પણ ગાબડા પડ્યા છે. કોંગ્રેસના ૨૨૦૦થી વધુ ઉમેદવારોની ડિપોઝિટ જપ્ત થવી એ પક્ષ માટે ચિંતાનો વિષય છે.ચૂંટણી પંચના નિયમ મુજબ, જો કોઈ ઉમેદવારને તે બેઠક પર પડેલા કુલ માન્ય મતોના ૧/૬ ભાગ (અંદાજે ૧૬.૬૬%) કરતા ઓછા મત મળે, તો તેની ડિપોઝિટ જપ્ત કરવામાં આવે છે. જોકે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં જે ઉમેદવારો ૧૦ ટકા મતોનો આંકડો પણ સ્પર્શી શક્યા નથી, તેમની ડિપોઝિટ જપ્ત થતા પક્ષોની આબરૂના ધજાગરા થયા છે.

### ચીનની આશ્ચર્યજનક ઘટનાની મેડિકલ જગતમાં ચર્ચા

# એક માણસ ૪૦ કલાક સુધી હૃદય વિના જીવ્યો

## ૪૦ કલાક એક્મોના સહારે જીવેલા દર્દીનું હૃદય ફરીથી ધબકવા તો લાગ્યું, ૧૦ દિવસની સારવાર બાદ સામાન્ય

બેઈજીંગ, તા.૩૦

માણસનું હૃદય ધબકતું બંધ થઈ જાય એની થોડી મિનિટો બાદ ડૉક્ટરો માણસનું મૃત્યુ થયાનું જાહેર કરી દેતા હોય છે. પણ શું એવું બની શકે કે હૃદય ધબકતું બંધ થઈ જાય એ પછી અમુક મિનિટો નહીં પૂરા ૪૦ કલાક સુધી બંધ રહ્યા બાદ હૃદય ફરી ધબકતું થાય? અશક્ય લાગે એવી આ વાત ચીનમાં ખરેખર બની છે. આમ બન્યું એની પાછળ કોઈ જાદુ કે ચમત્કાર નથી, પરંતુ આધુનિક મેડિકલ સાયન્સની એક એવી શક્તિ છે, જે મૃત્યુ સાથે સ્પર્ધા કરે છે.

સાઉથ ચાઇના મોર્નિંગ પોસ્ટમાં પ્રકાશિત આ ઘટનાની વિગત એવી છે કે ચીનમાં એક ૪૦ વર્ષના પુરુષનું હૃદય અચાનક બંધ થઈ ગયું હતું. ડૉક્ટરોએ તેને ફરીથી ધબકાવવા ઘણાં પ્રયત્નો કર્યા. ડિફિબ્રિલેશન એટલે કે ઈલેક્ટ્રિક આંચકા પણ આપવામાં આવ્યા, પરંતુ કોઈ ફાયદો થયો નહીં. સામાન્ય રીતે હૃદય બંધ થયાના થોડીક મિનિટોમાં જ મગજને નુકસાન થવા લાગે છે, પરંતુ આ માણસના કેસમાં ડૉક્ટરોએ હાર ન માની. ડૉક્ટરોએ એક ખાસ મશીનનો ઉપયોગ કર્યો જેને ECMO એટલે કે એક્સ્ટ્રાકોર્પોરિયલ મેમ્બ્રેન ઓક્સિજનેશન (ટૂંકમાં એક્મો) કહેવાય છે. આ એક જીવન બચાવતું મશીન છે, જે શરીરની બહાર રહીને કૃત્રિમ હૃદય અને ફેફસાંની જેમ કાર્ય કરે છે. જ્યારે દર્દીનું પોતાનું હૃદય કામ કરતું ન હતું, ત્યારે એક્મો તેના શરીરમાં ઓક્સિજનયુક્ત લોહી પમ્પ કરતું રહ્યું અને લોહીમાંથી કાર્બન ડાયોક્સાઈડ દૂર કરતું રહ્યું. આ એક સફળ તબીબી પ્રક્રિયા હતી જેણે દર્દીને જીવતો રાખ્યો.

દર્દીનું હૃદય લગભગ ૪૦ કલાક સુધી સ્વતંત્ર રીતે ધબક્યું નહીં. આ દરમિયાન એક્મો મશીન તેના જીવનનો આધાર બની રહ્યું. ડૉક્ટરો અને નર્સો તેની સતત દેખરેખ રાખતા હતા કારણ કે એક્મોના ઉપયોગ વખતે લોહી ગંઠાઈ જવું (બ્લડ ક્લોટ) અથવા રક્તસ્રાવ થવા જેવી મુશ્કેલીઓ સર્જાઈ શકે છે. દર્દીને IABP (બલૂન પંપ) જેવા અન્ય સાધનો વડે પણ મદદ કરાઈ હતી.૪૦ કલાક એક્મોના સહારે જીવેલા દર્દીનું હૃદય ફરીથી ધબકવા તો લાગ્યું, પણ ધબકારા અનિયમિત હતા. ડૉક્ટરો અને નર્સોની ૧૦ દિવસની સારવાર બાદ હૃદય ફરીથી સામાન્ય રીતે ધબકવા લાગ્યું. ડૉક્ટરોએ જણાવ્યું કે તેને 'ફૂલમિનેન્ટ મ્યોકાર્ડિટિસ' (હૃદયના સ્નાયુમાં સોજો) હતો, જે એક ગંભીર બીમારી છે. એક્મો મશીને તેના હૃદયને આરામ કરવાની અને સાજા થવાની તક આપી. ૨૦ દિવસમાં તે એટલો સ્વસ્થ થઈ ગયો કે જાતે જ ચાલીને ઘરે ગયો.

### રાજયમાં પ્રતિ વર્ષ ૧૦૦ આદર્શ ગામ વિકસિત કરવાની નેમ

# રાસાયણિક કૃષિના દુષ્પ્રભાવના પરિણામે માતાનું દૂધ પણ ઝેરયુકત બન્યું છે, પ્રાકૃતિક કૃષિ જ એકમાત્ર ઉપાય

## પ્રાકૃતિક કૃષિ પરીસંવાદમાં પ્રેરક સંબોધન કરતાં રાજયપાલ



અમરેલી, તા. ૩૦

રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ રાજયમાં દર વર્ષે ૧૦૦ જેટલા ગામને આદર્શ ગામ તરીકે વિકસિત કરવાની નેમ વ્યકત કરતાં જણાવ્યું હતું કે, રાજય સરકારના સહયોગથી આગામી સમયમાં રાજયના વિવિધ ગામોને આદર્શ ગ્રામ બનાવવાનો પ્રયાસ હાથ ધરવામાં આવશે.

અમરેલીના ખાંભા તાલુકાના ત્રાકુડા ગામે શ્રીરામ ચરિત માનસ આધારિત શિવકથામાં વિશેષરૂપે આયોજિત પ્રાકૃતિક કૃષિ પરીસંવાદમાં રાજયપાલે આદર્શ ગ્રામની પરિકલ્પના વ્યકત કરતા જણાવ્યું હતું કે, આદર્શ ગ્રામમાં સરોવર અને ખેલકૂદના મેદાન હશે, રોડ રસ્તા પાક્કા અને સ્વચ્છ હશે, નવી સ્કૂલો, વૃક્ષારોપણથી ગામને હરિયાળું બનાવાશે, સ્વચ્છતાની પણ એટલી જ જાળવણી હશે અને શહેરો જેવી જ સુવિધાથી ગામડાંઓને સજ્જ કરવામાં આવશે.

રાજયપાલે આ સભાને સંબોધતા કહ્યું હતું કે, રાસાયણિક કૃષિના દુષ્પ્રભાવના પરિણામે નાના બાળકો પણ કેન્સર, ડાયાબિટીસ વગેરે ગંભીર બીમારીઓના ભોગ બની રહ્યા છે, આજથી ૪૦ વર્ષ પૂર્વે કેન્સર જેવી બીમારીનો ઉલ્લેખ સુધ્ધાં જોવા મળતો ન હતો, પરંતુ આજે તેના ખૂબ મોટાં પ્રમાણમાં કેસ જોવા મળી રહ્યા છે.

રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાના અતિરેકથી ફળ ફળાદી, અનાજ વગેરે ઝેરયુક્ બન્યા છે, તેથી જ ગંભીર બીમારીઓ વકરી છે. રાજયપાલે એક રિપોર્ટને ટાંકતા જણાવ્યું કે, રાસાયણિક કૃષિના પરિણામે માતાનું દૂધ પણ ઝેરયુકત બન્યું છે, વૈજ્ઞાનિકોના સંશોધનમાં માતાના દૂધમાં પણ યુરિયા, કીટનાશક, ડિટરજન્ટ વગેરે હાનિકારક તત્વો જોવા મળી રહ્યા છે.

રાજયપાલએ આ સ્થિતિમાં ખેડૂતોને તબક્કાવાર રીતે ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ અપનાવવા માટે અનુરોધ કરતા જણાવ્યું હતું કે, પહેલાં પોતાના પરિવાર માટે જમીનના એકાદ ભાગમાં પ્રાકૃતિક કૃષિ શરૂ કરો અને તબક્કાવાર તેમાં વધારો કરતો જવો જોઈએ. પ્રાકૃતિક કૃષિથી ઉત્પાદન ઘટે છે તે ધારણા તદ્દન ખોટી છે, પરંતુ ખેડૂતોનો પ્રાકૃતિક કૃષિ પ્રત્યે ભરોસો કેળવાય તે માટે જમીનના એક ભાગમાં પ્રાકૃતિક કૃષિ શરૂ કરવી જોઈએ. રાસાયણિક કૃષિથી જમીન બિન ઉપજાવ બની ચૂકી છે, અત્યારે જે કૃષિ ઉત્પાદન મળી રહ્યું છે તે માત્ર બહારના ઈનપુટથી મળી રહ્યું છે, કૃષિ ઉત્પાદનના આધાર સમાન ઓર્ગેનિક કાર્બન પણ ૦.૫ નીચે પહોંચી ગયો છે. જે એક સમયે ૨થી ૨.૫ હતો અને જમીન સૂક્ષ્મ જીવાણુઓનો ભંડાર હતી. આ સંદર્ભમાં તેમણે જણાવ્યું કે, હરિત ક્રાંતિના પ્રણેતા ડો. સ્વામીનાથને ૧ હેક્ટરમાં માત્ર ૧૩ કિલોગ્રામ યુરિયા નાખવાની ભલામણ કરી હતી. પરંતુ રાસાયણિક ખાતરના અતિરેકભર્યા ઉપયોગથી આજે જમીનની ફળદ્રુપતા ઘટી છે અને સખત પથ્થર જેવી થતી ગઈ છે.

રાજયપાલે વીડિયો નિદર્શનના માપ્રયમથી જણાવ્યું કે, રાસાયણિક કૃષિથી વરસાદી પાણી જમીનમાં ઉતરતું નથી, તેમાં રહેલું નમકનું તત્વ જમીનને સખત અને કડક બનાવે છે. જે ભવિષ્યમાં પાણીની સમસ્યાને વિકરાળ બનાવશે.

રાજયપાલએ પ્રાકૃતિક કૃષિને જૈવિક ખેતીથી તદ્દન અલગ ગણાવતા કહ્યું કે, પ્રાકૃતિક કૃષિ ઈરીય વ્યવસ્થામાં સહયોગરૂપ ખેતી છે, જેમ જંગલનાં વૃક્ષોને બહારથી પોષક તત્વો આપવાની જરૂરિયાત રહેતી નથી, તે જ સિદ્ધાંત મુજબ પ્રાકૃતિક કૃષિ કામ કરે છે. માત્ર એક દેશી ગાય દ્વારા જ ૧૫ થી ૨૦ એકરમાં પ્રાકૃતિક કૃષિ થઈ શકે છે. રાજયપાલે હિમાચલ પ્રદેશમાં પોતાના ગવર્નર તરીકેના કાર્યકાળનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, એ વિસ્તારના જે ખેડૂતો રાસાયણિક દવાનો છંટકાવ કરતા તેમનામાં ચર્મરોગ જોવા મળતો હતો. ત્યારે દેશના તમામ ખેડૂતોને આ સ્થિતિમાંથી બહાર લાવવા માટેપ્રાકૃતિક કૃષિનું અભિયાન શરૂ કર્યુ હતું છે. જે અવિરત આગળ વધ્યુ છે, આજે ગુજરાતમાં આઠ લાખથી વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે, રાસાયણિક કૃષિ લોકોને હોસ્પિટલ પહોંચાડે છે, જયારે પ્રાકૃતિક કૃષિ લોકોને તંદુરસ્ત આરોગ્ય પ્રદાન કરે છે. રાજયપાલએ સ્વામિનારાયણ ગુરૂકુળ સંસ્થાઓના સંદર્ભમાં કહ્યું કે, આ સંસ્થાઓ અક્ષર જ્ઞાન તો આપી જ રહી છે, સાથે જ મનુષ્યના જીવનનો સાચો ઉદ્દેશ્ય અને મહત્વ શું છે તેનો પણ અભ્યાસ કરાવી રહી છે. આ શિક્ષા થકી જ પરિવાર, સમાજ અને દેશનું કલ્યાણ થાય છે. રાજયપાલે હરિ ગ્રુપ અને દુધાત પરિવારના યોગદાનથી જીર્ણોદ્ધાર પામેલા શિવાલયના સંદર્ભમાં કહ્યું કે, આજની પેઢી માટે મંદિર પ્રેરણાસ્ત્રોત છે, સંસ્કૃતિ અને આધ્યાત્મિકતા સાથે જોડનાર, વ્યસનથી બચાવનાર પણ છે.

આ પ્રસંગે રાજયપાલનું હરિ ગ્રુપ દુધાત પરિવાર, ગામ આગેવાનો અને મહંત સ્વામી, ધર્મવલ્લભ સ્વામી, મંગલ સ્વામી સહિતના સંતોએ સ્મૃતિચિન્હ અર્પણ કરીને વિશેષ સ્વાગત-સન્માન કર્યુ હતું. કાર્યક્રમના પ્રારંભે રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ પ્રાકૃતિક કૃષિથી ઉત્પાદિત થયેલા જણસોના પ્રદર્શનની મુલાકાત લીધી હતી. તેમણે અમરેલી જિલ્લામાં વિવિધ સ્થળોએ પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂતોને બિરદાવ્યા હતા.કાર્યક્રમના મુખ્ય આયોજક, રાકેશભાઈ દુધાતે કાર્યક્રમના પ્રારંભે પ્રાસંગિક ઉદબોધન કર્યુ હતું. તેમણે પોતાના ગામ પ્રત્યેની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, માતા અને જન્મભૂમિ એ સ્વર્ગથી પણ વિશેષ છે. ત્રાકુડા ગામ માટે કંઈક કરી છૂટવાની ભાવનાના પરિણામે, મંદિરનો જીર્ણોદ્ધાર તેમજ અમૃત સરોવરનું નિર્માણ એ પ્રારંભિક કાર્યો છે.કાર્યક્રમના પ્રારંભે સ્વામિનારાયણ ગુરૂકુળ રાજકોટ સંસ્થાના મહંત સ્વામી સહિતના સંતોએ આર્શીવચન પાઠવ્યા હતા. આ પ્રસંગે સ્વામિનારાયણ સંતો, અગ્રણી મનહરભાઈ, ઘનશ્યામભાઈ શંકર, રાકેશ ધોળકિયા, દિનુભાઈ દુધાત, ત્રાકુડા ઉપરાંત આસપાસના ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### તાજેતરમાં લીગ સ્પર્ધાનું આયોજન થયેલ

# અમરેલી : ગજેરા કેમ્પસ વિદ્યાસભાના શૂટર્સનો રાજય કક્ષાએ દબદબો

## ઇન્ટર DLSS શૂટિંગ લીગમાં ૩-સુવર્ણ, ૩-રજત અને ૧-કાંસ્ય પદકોની સિધ્ધિ



અમરેલી, તા. ૩૦

રાજય કક્ષા ઈન્ટર DLSS શુટીંગ લીગ-૨૦૨૬ સ્પર્ધાનું આયોજન શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ-વિદ્યાસભા અમરેલી ખાતે થયું હતું, તેમાં રાજયના વિવિધ જિલ્લામાંથી બહોળી સંખ્યામાં સ્પર્ધકોએ પાર્ટિસિપેટ કરેલ હતું. ગુજરાતની ૬ DLSS શાળાના ૧૪૦ જેટલા વિદ્યાર્થીઓ ભાગ લીધેલ જેમાં અમરેલી જિલ્લામાંથી શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસના જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલના (DLSS) ભાઈઓ-બહેનોએ ભાગ લઈ પ્રતિભાશાળી શૂટર્સે ઉત્તમ પ્રદર્શન કરીને કુલ ૩ સુવર્ણ પદક, ૩ રજત પદક અને ૧ કાંસ્ય પદક જીતીને સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. જેમાં ૧) રાજપરા આકાશ- (પિસ્તોલ) સુવર્ણ પદક, ૨) બાંભણીયા સૃષ્ટિ -(રાઈફલ) સુવર્ણ પદક, ૩) બાંભણીયા રાજેશ -(રાઈફલ) સુવર્ણ પદક, ૪) વાઘેલા ખુશાલી-(રાઈફલ) રજત પદક, ૫) તાવીયાગુંજલ-(રાઈફલ) રજત પદક, ૬) વેકરીયા યુગ-(પિસ્તોલ) રજત પદક, ૭) તાવીયા રીના-(રાઈફલ) કાંસ્ય પદક મેળવી સિધ્ધીઓ પ્રાપ્ત કરેલ તેમજ શાળા અને અમરેલી જિલ્લાનું નામ રાજયકક્ષાએ રોશન કરેલ આ સિદ્ધિ સંસ્થાના ખેલ પ્રણાલી અને નિયમિત કઠિન પ્રશિક્ષણનું શ્રેષ્ઠ પરિણામ છે. કોચના માર્ગદર્શન અને ખેલાડીઓની અવિરત મહેનતના પરિણામે આ ગૌરવપૂર્ણ જીત મળી છે. ખેલાડીઓએ વિવિધ કેટેગરીઝમાં શ્રેષ્ઠ સ્કોર સાથે જીત મેળવી હતી.આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મેનેજીંગ ટ્રસ્ટી અશોકભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખૂંટ અને કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ શુટીંગના ખેલાડીઓ તેમજ કોચ પુલકીતા નિમ્બાવાલ અને ટ્રેનરને અભિનંદન પાઠવ્યા હતા. તેમ વિદ્યાસભાની યાદી જણાવે છે.

# ત્રાકુડા ખાતે રાજયપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે અમૃત સરોવરનું ખાતમુહૂર્ત



અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના ત્રાકુડા મુકામે બે દિવસીય મુલાકાતે પધારેલા રાજયપાલ આચાર્ય દેવવ્રતજીના હસ્તે 'અમૃત સરોવર' નું ખાતમુહૂર્ત થયું હતું. આ પ્રસંગે રાજયપાલએ ત્રાકુડાને 'આદર્શ ગામ' તરીકે વિકસિત કરવાની નેમ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, રાજય સરકારના માધ્યમથી ત્રાકુડાનો 'આદર્શ ગામ' તરીકે વિકાસ કરાશે. એક આદર્શ ગામમાં જે–જે સુવિધાઓ મળવા પાત્ર હશે તેનો લાભ ત્રાકુડાને મળશે. આ તકે રાજયપાલના હસ્તે અને સ્વામિનારાયણ ગુરૂકુલ સંસ્થાન રાજકોટના સંતોના વૈદિક મંત્રોચ્ચાર સાથે 'અમૃત સરોવર'નું ખાતમુહૂર્ત થયું હતું. આ પ્રસંગે રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, આ વિસ્તાર ખેતીપ્રધાન છે. અહીં અમૃત સરોવરના નિર્માણથી જળસિંચનની ક્ષમતા વધશે. બારે માસ પાણીનો સંગ્રહ થશે જેના દ્વારા કૃષિ સાથે પશુ – પક્ષી, પ્રકૃતિ સૈનું કલ્યાણ થશે. આ પરિસરમાં રાજયપાલના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જેના દ્વારા જળ સંરક્ષણ સાથે પર્યાવરણ જતનનો સંકલ્પ લેવામાં આવ્યો હતો. આ પ્રસંગે જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ, ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી કે. જે. જાડેજા, પ્રાંત અધિકારી, (ધારી–ખાંભા) અર્પણ ચાવડા, રાકેશ દુધાત પરિવાર અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૫૦ | ૧૧૮૦ |
| ૨ | તલ સફેદ | ૧૫૫૦ | ૩૧૬૮ |
| ૩ | તલ કાળા | ૨૫૦૧ | ૩૫૫૦ |
| ૪ | કપાસ | ૧૩૦૦ | ૧૭૯૧ |
| ૫ | બાજરો | ૩૪૦ | ૩૪૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૩૦ | ૪૫૪ |
| ૭ | જુવાર | ૪૦૦ | ૯૩૪ |
| ૮ | તુવેર | ૧૨૩૦ | ૧૩૧૩ |
| ૯ | ચણા | ૧૦૦૦ | ૧૧૨૧ |
| ૧૦ | એરંડી | ૧૦૨૬ | ૧૦૮૦ |
| ૧૧ | ધાણા | ૧૫૦૧ | ૨૪૩૦ |
| ૧૨ | મેથી | ૧૧૦૦ | ૧૫૦૦ |
| ૧૩ | સોયાબીન | ૧૦૧૧ | ૧૦૧૧ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૪૭૦ | ૧૪૭૦ |
| ૨ | શિંગ મોટી | ૧૧૫૦ | ૧૪૩૦ |
| ૩ | શિંગદાણા ફાડા | ૧૫૦૦ | ૧૮૪૦ |
| ૪ | તલ સફેદ | ૧૫૫૦ | ૨૩૦૦ |
| ૫ | તલ કાળા | ૧૬૦૦ | ૩૬૨૫ |
| ૬ | બાજરો | ૪૬૦ | ૪૬૦ |
| ૭ | જુવાર | ૪૩૫ | ૮૭૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૧૦ | ૫૪૦ |
| ૯ | ઘઉં લોકવન | ૪૧૫ | ૫૧૦ |
| ૧૦ | મગ | ૧૮૨૫ | ૧૮૨૫ |
| ૧૧ | ચણા | ૮૦૦ | ૧૦૫૦ |
| ૧૨ | ચણા દેશી | ૧૦૩૦ | ૧૦૩૦ |
| ૧૩ | સફેદ ચણા | ૧૦૨૦ | ૧૧૫૦ |
| ૧૪ | છોલે ચણા | ૧૧૭૫ | ૧૪૬૫ |
| ૧૫ | તુવેર | ૮૦૦ | ૧૫૦૦ |
| ૧૬ | કપાસ | ૧૦૭૫ | ૧૮૮૫ |
| ૧૭ | એરંડા | ૧૦૦૦ | ૧૨૫૫ |
| ૧૮ | જીરૂ | ૨૦૦૦ | ૪૦૫૦ |
| ૧૯ | ગમ ગુવાર | ૯૨૫ | ૯૨૫ |
| ૨૦ | ધાણા | ૨૧૯૦ | ૨૨૫૫ |
| ૨૧ | ધાણી | ૧૯૦૦ | ૨૬૯૦ |
| ૨૨ | મેથી | ૧૧૦૦ | ૧૩૧૦ |
| ૨૩ | સોયાબીન | ૯૦૦ | ૧૨૫૦ |
| ૨૪ | મરચા લાંબા | ૧૩૦૦ | ૪૪૦૦ |
| ૨૫ | કાંગ | ૩૨૫ | ૫૫૦ |
| ૨૬ | કલોંજી | ૨૫૬૦ | ૩૨૦૦ |

### કોંગ્રેસની બેઠકો ૩જા નંબરે પહોંચી

# દામનગર પાલિકામાં મુખ્ય વિપક્ષી પાર્ટી બની આમ આદમી પાર્ટી

### શહેરનો વિકાસ સૌ ભેગા મળી કરે તે જરૂરી

દામનગર, તા. ૩૦

દામનગર નગરપાલિકાની ૨૦૨૬ની ચૂંટણીમાં ૬ વોર્ડમાં ત્રણ બેઠક ભાજની બિનહરિફ બનતા ૨૧ સભ્યો માટે યોજાયેલ મતદાનમાં ૫૯% જેટલું મતદાન થયેલ. પરિણામ જાહેર થતાં ભાજપના ૧૪, આમઆદમી પાર્ટીનાં ૫ અને કોંગ્રેસનાં ૨ ઉમેદવારોની જીત થઈ છે. ગત ચૂંટણીમાં ભાજપના ૨૨ અને કોંગ્રેસના ૨ સભ્યો હતા. આ વખતની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીનાં ૫ સભ્યોની પ્રથમ વખત જીત થતાં નગરપાલિકામાં વિપક્ષની ભૂમિકામાં જોવા મળશે. દામનગર શહેરનાં વિકાસ માટે ચૂંટાયેલા પ્રતિનિધિઓ સકારાત્મક ઉર્જા સાથે ગ્રામજનો માટે વિકાસનાં કાર્યો કરે એવી લાગણી વ્યકત થઈ રહી છે. સમાજમાં પરિવર્તન જરૂરી હોય છે તે આ ચૂંટણીમાં પરિણામો પરથી જોવા મળ્યું છે.

## અવસાન નોંધ

**ચલાલા :** ચલાલા નિવાસી ખાદીના ભેખધારી જીવ્યા ત્યાં સુધી ગાંધી ચિંધ્યા સત્યના માર્ગે ચાલનાર દેસાભાઈ છનાભાઈ વાળા (ઉં. વર્ષ ૭૮) તેઓ ઉમેશભાઈ વાળા (એસ.ટી. કંડકટર) તેમજ ભારતીબેન સોમજીભાઈ ડાભી, દયાબેન બાબુલાલ સોલંકી, મુકતાબેન મનસુખભાઈ સારીખડા, હર્ષાબેન હિંમતભાઈ મકવાણા, પુરીબેન મયુરભાઈ હેલૈયા અને મનીષાબેન પરેશભાઈ મેરીયાના પિતાશ્રી તેમજ દયાબેન ઉમેશભાઈ વાળાના સસરા, ક્રીષિતા અને રૂદ્રના દાદાનું અવસાન તા. ૨૯/૪/૨૦૨૬ બુધવારના થયેલ છે. સદગતનું બેસણું તા. ૧/૫/૨૬ શુક્રવાર સાંજના ૪ થી ૬ તેઓના નિવાસસ્થાન સર્વોદય સોસાયટી, આંબેડકર નગર, અમરેલી રોડ, રાધે હોટલની સામે ચલાલા ખાતે રાખેલ છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૩૦૦ | ૧૫૫૫ |
| ૨ | શીંગ મોટી | ૧૩૫૦ | ૧૪૮૫ |
| ૩ | તલ સફેદ | ૧૬૭૫ | ૨૨૫૦ |
| ૪ | તલ કાળા | ૩૨૦૦ | ૩૬૩૦ |
| ૫ | જીરૂ | ૩૪૦૦ | ૪૦૧૦ |
| ૬ | કપાસ | ૧૫૦૦ | ૧૭૮૬ |
| ૭ | ઘઉં લોકવન | ૪૩૦ | ૪૯૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૩૦ |
| ૯ | બાજરો | ૪૫૦ | ૫૨૦ |
| ૧૦ | જુવાર | ૪૫૦ | ૯૧૦ |
| ૧૧ | મગ | ૧૫૦૦ | ૧૮૦૦ |
| ૧૨ | અડદ | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ૧૩ | ચણા | ૧૦૩૦ | ૧૦૬૫ |
| ૧૪ | દેશી ચણા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ૧૫ | તુવેર | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ૧૬ | એરંડી | ૧૨૦૦ | ૧૨૫૧ |
| ૧૭ | મેથી | ૧૨૦૦ | ૧૩૩૫ |
| ૧૮ | ધાણા | ૨૨૦૦ | ૨૫૬૦ |
| ૧૯ | કલોંજી | ૩૦૦૦ | ૩૫૫૦ |
| ૨૦ | અજમા | ૨૪૦૦ | – |

### કોંગ્રેસનાં મહિલા અગ્રણી બાલુબેન મૂંધવા સામે

# બાબરા પાલિકાનાં પૂર્વ પ્રમુખનાં ધર્મપત્નીનો પરાજય થતાં ભાજપમાં સન્નાટો છવાયો

### જો કે કોંગ્રેસનાં ઉમેદવાર માત્ર ૮ મતે વિજેતા

બાબરા, તા. ૩૦

બાબરામાં નગરપાલિકાની ચૂંટણી આમ અમુક વોર્ડમાં રસાકસી જોવા મળી હતી જેમાં પાંચ નંબરના વોડમાં પાલિકાના પૂર્વ પ્રમુખ પ્રવિણ કરકર જયાંથી વિજેતા બની આવી રહ્યા હતા ત્યાંથી આ વખતે તેઓ પોતાની પત્નીને મેદાનમાં ઉતાર્યા હતા.



જોકે સમગ્ર શહેરની નજર વોર્ડ નંબર પાંચમાં હતી અહીં ભાજપના ઉમેદવાર રેખાબેન કરકર સામે કોંગ્રેસના માલધારી સમાજમાંથી આવતા અગ્રણી બટુકભાઈ મૂંધવાના ધર્મપત્ની બાલુબેન મૂંધવા ચૂંટણી લડી રહ્યા હતા.

ખુબ જ રસાકસી અહીં જોવા મળી હતી અહીં લોકો પણ કહેતા હતા ચાર સીટ અહીં ભાજપ ગુમાવશે પણ અહીં ફિફટી ફિફટી જોવા મળી હતી જેમાં કોંગ્રેસના જગદીશ કારેટિયા સારી લીડ સાથે વિજય મેળવ્યો હતો તો બાલુબેન બટુકભાઈ મૂંધવા માત્ર આઠ મતે વિજેતા બન્યા હતા.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૬૩૦ | ૧૮૮૧ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૪૫૦ | ૧૬૧૦ |
| ૩ | મગફળી | ૧૨૪૦ | ૧૪૮૦ |
| ૪ | જીરૂ | ૩૨૪૫ | ૪૦૨૫ |
| ૫ | ચણા | ૧૦૩૨ | ૧૦૬૮ |
| ૬ | ઘઉં | ૪૭૫ | ૫૨૫ |
| ૭ | તુવેર | ૧૧૮૫ | ૧૪૪૫ |
| ૮ | એરંડા | ૧૦૯૫ | ૧૨૦૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૭૩૨ |
| ૨ | ઘઉં લોકવન | ૩૮૦ | ૪૭૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૩૨ | ૪૫૭ |
| ૪ | ચણા | ૯૨૦ | ૧૦૩૮ |
| ૫ | ધાણા | ૨૨૨૫ | ૨૪૦૦ |
| ૬ | રાય | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૭ | તુવેર | ૧૦૩૦ | ૧૨૭૫ |
| ૮ | તલ સફેદ | ૧૫૭૫ | ૧૫૭૫ |
| ૯ | મગફળી | ૯૯૫ | ૧૨૨૫ |
| ૧૦ | ચણા સફેદ | ૧૦૦૧ | ૧૦૦૧ |
| ૧૧ | સોયાબીન | ૭૫૦ | ૧૨૦૦ |
| ૧૨ | ચોળી | ૧૦૨૫ | ૧૦૨૫ |
| ૧૩ | એરંડા | ૧૧૫૫ | ૧૧૭૫ |
| ૧૪ | શીંગદાણા | ૧૪૧૫ | ૧૫૫૫ |
| ૧૫ | લસણ | ૨૬૦ | ૧૦૫૫ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૬૦૦ | ૧૭૦૦ |
| ૨ | ચણા | ૧૦૪૦ | ૧૦૫૨ |
| ૩ | જુવાર સફેદ | ૭૧૧ | ૭૧૧ |
| ૪ | તલ સફેદ | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ૫ | તુવેર | ૧૨૯૬ | ૧૨૯૬ |
| ૬ | ધાણા | ૨૪૦૧ | ૨૪૦૧ |
| ૭ | એરંડા | ૧૨૧૦ | ૧૨૧૦ |
| ૮ | મેથી | ૧૧૮૦ | ૧૧૮૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં | ૪૨૩ | ૪૬૦ |
| ૨ | ચણા | ૧૦૪૪ | ૧૦૫૨ |
| ૩ | સફેદ ચણા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૪ | મગ | ૧૫૭૫ | ૧૫૭૫ |
| ૫ | તુવેર | ૧૨૧૦ | ૧૩૬૫ |
| ૬ | ધાણા | ૧૮૧૦ | ૨૪૨૫ |
| ૭ | એરંડા | ૧૧૩૦ | ૧૨૪૮ |
| ૮ | શીંગ ફાડા | ૧૮૨૫ | ૧૮૨૫ |
| ૯ | રાઈ | ૧૨૭૫ | ૧૨૭૫ |

# સાવરકુંડલામાં નાવલી પ્રીમિયર લીંગ અંડર–૧૬ નો પ્રારંભ, યુવા ખેલાડીઓમાં ઉમંગ



ચિત્તલ જિલ્લા પંચાયત સીટનાં જીતેલા ઉમેદવારના સમર્થનમાં 'વિજય છે વિશ્વાસનો' કમળ પરના વિશ્વાસનો' ના નારા સાથે ભવ્ય વિજય રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં રાજયનાં મંત્રી કૌશિક વેકરિયા ખાસ ઉપસ્થિત રહયા હતા. અને કાર્યકરો સાથે વિજય ઉજવણીમાં જોડાયા હતા. રેલી દરમિયાન વિસ્તારમાં ઉત્સાહભર્યો માહોલ જોવા મળ્યો હતો. જયાં મોટી સંખ્યામાં કાર્યકરો અને સમર્થકો ઉપસ્થિત રહયા હતા. આ પ્રસંગે ચિત્તલ ખતે આયોજિત વિજય રેલીમાં સહભાગી થઈ મંત્રી કૌશિક વેકરિયાએ વિજેતા ઉમેદવારને અભિનંદન પાઠવ્યા હતા. સાથે જ ચૂંટણી દરમિયાન સતત ખડેપગે રહી સમર્પિત રીતે કાર્ય કરનાર કાર્યકર્તઓની મહેનતને બિરદાવવામાં આવી હતી. તેમણે જણાવ્યું કે આ જીત કાર્યકરોના અવિરત પરિશ્રમ અને જનતાના આશીર્વાદનું પરિણામ છે. ભારતીય જનતા પાર્ટી વિશે બોલતાં તેમણે ઉમેર્યુ કે ભાજપનું બીજું નામ જનતાનો ભરોસો છે. સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં જનતાએ ફરીવાર આ વિશ્વાસ પર મહોર મારી છે. જે વિકાસ અને સારા શાસન પ્રત્યેની જનતાની પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે. આ ભવ્ય વિજય રેલીથી કાર્યકરોમાં નવી ઉર્જાનો સંચાર થયો છે. અને વિકાસના કાર્યોને વધુ ગતિ મળશે તેવી આશા વ્યકત કરવામાં આવી

## માર્ગ–મકાન વિભાગને કરોડો રૂપિયાનો ટેક્ષ ભરતાં વાહનચાલકોની ચિંતા નથી

# બાબરા–ગોંડલ હાઈવે ઉપર નિયમ વિરૂધ્ધનાં ડાયવર્ઝનથી રોષ

**બાબરાથી ધરાઈ સુધીનાં ૧૮ કિ.મી. માર્ગમાં ૩–૩ ડાયવર્ઝન કાઢવામાં આવ્યા**

**વાહનચાલકોને ડાયવર્ઝન માર્ગ ઉપરથી પસાર થવામાં સતત જોખમનો સામનો કરવો પડે**

**ટ્રાફિકથી ધમધમતા માર્ગ ઉપર દરરોજ નાના–મોટા હજારો વાહનો પસાર થઈ રહ્યા છે**

**જિલ્લા પંચાયતનાં વિજેતા ઉમેદવાર મીનાબેન કોઠીવાળે તંત્રને યોગ્ય કરવા કડક સુચના આપી**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૩૦

બાબરા પંથકમાં ગોંડલ–બાબરા સ્ટેટ હાઈવેની હાલત ફરી એકવાર ચર્ચાનો વિષય બની છે. ધરાઈથી બાબરા સુધીના માત્ર ૧૮ કિલોમીટર વિસ્તારમાં એક નહીં પરંતુ ત્રણ–ત્રણ ડાયવર્ઝન બનાવવામાં આવ્યા છે, પરંતુ આશ્ચર્યની વાત એ છે કે આ તમામ ડાયવર્ઝન આજે પણ કાચી હાલતમાં હોવાથી રોજબરોજ હજારો વાહનચાલકો જીવના જોખમે અવરજવર કરવા મજબૂર બન્યા છે.

ધૂળના ગોટા, ખાડા, ઉબડખાબડ રસ્તા અને વરસાદી મોસમ નજીક આવતા આ ડાયવર્ઝન વધુ જોખમી બન્યા છે. ખાસ કરીને બાઈક ચાલકો, વિદ્યાર્થીઓ, ખેડૂતો, દર્દીઓને લઈ જતી એમ્બ્યુલન્સ અને નાના વાહનચાલકો માટે આ માર્ગ હાલ મુશ્કેલીનો માર્ગ બની ગયો છે. સ્થાનિકોમાં પ્રશ્ન ઉઠી રહ્યો છે કે સ્ટેટ હાઈવે પર આવી બેદરકારી કેમ ?

ધરાઈ, વાસાવડ તેમજ આસપાસના ગામોના લોકો લાંબા સમયથી આ સમસ્યાનો સામનો કરી રહ્યા છે. લોકોનું કહેવું છે કે દરરોજ કામધંધા, અભ્યાસ, હોસ્પિટલ તથા બજાર માટે આ માર્ગ પરથી પસાર થવું પડે છે, પરંતુ કાચા ડાયવર્ઝનના કારણે ભારે તકલીફ સહન કરવી પડે છે. ધૂળ થી પરેશાની, વાહનોને નુકસાન અને અકસ્માતનો સતત ભય લોકોમાં અસંતોષ વધારી રહ્યો છે.

ગ્રામજનો દ્વારા તાત્કાલિક તમામ ડાયવર્ઝનને પાકા ડામરના બનાવવાની જોરદાર માંગ ઉઠી છે. લોકોનું માનવું છે કે સમયસર યોગ્ય કામગીરી થાય તો મોટી દુર્ઘટનાઓ અટકી શકે.

પ્રજાની વેદના અને માર્ગની ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખી જિલ્લા પંચાયતના નવનિયુકત સભ્ય મીનાબેન કોઠીવાળે તાત્કાલિક સક્રિયતા દાખવી સંબંધિત અધિકારીઓ સાથે ટેલિફોનિક વાતચીત કરી કડક સૂચના આપી હોવાનું જાણવા મળે છે.

તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે બાબરા–વાસાવડ માર્ગ પરના તમામ કાચા ડાયવર્ઝનને વિલંબ કર્યા વગર પાકા ડામરના બનાવવામાં આવે કારણ કે આ માત્ર રસ્તાનો પ્રશ્ન નથી પરંતુ લોકોની સલામતીનો પ્રશ્ન છે.

મીનાબેન કોઠીવાળે તંત્ર સમક્ષ કડક સવાલ ઉઠાવ્યો કે જો આવતીકાલે કોઈ ગંભીર અકસ્માત સર્જાય, જાનહાનિ થાય અથવા નિર્દોષ લોકો ભોગ બને તો તેની જવાબદારી કોણ લેશે ? આ સવાલ બાદ તંત્રમાં હરકત જોવા મળી રહી હોવાનું સ્થાનિકોમાં ચર્ચાઈ રહ્યું છે.

સ્થાનિકોમાં સ્પષ્ટ ભાવના છે કે હવે માત્ર કાગળ પરના વચનો કે આસનોથી કામ નહીં ચાલે. સ્થળ પર તાત્કાલિક મશીનરી ઉતારી તમામ ડાયવર્ઝનને પાકા ડામરના બનાવવામાં આવે જેથી લોકો સુરક્ષિત રીતે મુસાફરી કરી શકે.

ગોંડલ–બાબરા હાઈવેનો આ પ્રશ્ન હવે માત્ર માર્ગ સુધારાનો નથી પરંતુ પ્રજાની સુરક્ષા, સુવિધા અને જવાબદારીનો મુદ્દો બની ગયો છે.

---

## લોખંડનાં પાઈપ અને છરી વડે કરાયો હુમલો

# ઉના : નવા બંદર મરીન પો.સ્ટેના વિસ્તારમાં આવતા કોબ ગામે યુવક ઉપર જીવલેણ હુમલો

**સ્થાનિક પોલીસે ગણતરીની કલાકોમાં હુમલાખોરને ઝડપી લીધા**



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૩૦

ઉના તાલુકાના નવાબંદર મરીન પોલીસ વિસ્તારમાં આવતા કોબ ગામે બનેલી ખુનની કોશિષની ગંભીર ઘટનામાં ચોંકાવનારી વિગતો સામે આવી છે. ફરિયાદી બાનુબેન સલીમભાઈ શેખ દ્વારા નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના પતિ દુકાન આગળ ઉભા હતા ત્યારે ગામના હાર્દિક બારૈયા, હરેશ કરશન અને અક્ષય બાંભણીયા મોટર સાઈકલ પર આવી ગાળો આપી જતા રહ્યા હતા.

આ ઘટનાનો ઠપકો આપવા તેમના પતિ હાર્દિકના ઘરે ગયા હતા, જેના પગલે મન દુઃખ રાખી યાગી ઉર્ફે યાજ્ઞિક નામના શખ્સે ફોન પર ધમકીઓ આપી હતી. ત્યારબાદ રાત્રિના સમયે હાર્દિક, હરેશ અને અક્ષય હથિયાર સાથે ફરી આવ્યા અને દુકાન આગળ ઉભેલા બાનુબેન અને તેમના ૧૭ વર્ષીય દીકરા રેહાન સાથે ઝઘડો કર્યો હતો.

ફરિયાદ મુજબ, હાર્દિકે બાનુબેનને ધક્કો મારી નીચે પાડી દીધા હતા, જયારે અક્ષયે લોખંડના પાઈપથી રેહાનના કપાળના ભાગે ઘા કર્યો હતો. હરેશે રેહાનને પકડી રાખ્યો અને હાર્દિકે છરી વડે માથાના પાછળના ભાગે જીવલેણ હુમલો કર્યો હતો. હુમલા બાદ રેહાન બેભાન થઈ ગયો હતો અને ભારે લોહી લુહાણ થયો હતો.

આસપાસમાં રહેતા પરિવારજનો અને પાડોશીઓ તાત્કાલિક દોડી આવતા આરોપીઓ સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. ત્યારબાદ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે રેહાનને ઉના સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જયાં તેના માથાના ભાગે ટાંકા લેવામાં આવ્યા હતા અને શરીરના ભાગે ઈજાઓ પહોંચી હતી.

આ બનાવમાં કુલ ચાર આરોપીઓ સામે ગુનો નોંધાયો છે, જેમાંથી હાર્દિક બારૈયા અને અક્ષય બાંભણીયાને પોલીસે ઝડપી પાડ્યા છે, જયારે હરેશ કરશનભાઈ અને યાગી ઉર્ફે યાજ્ઞિક હજુ ફરાર છે. ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે પોલીસ દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

---

## જનતાનાં કામો કર્યા હોય તેનો વિજય થાય તે નક્કી

# બાબરા પાલિકામાં વોર્ડમાં ફેરફાર બાદ પણ ખોડલભાઈ મકવાણાનો વિજયધ્વજ ફરકયો

**તેઓનો વિજય સંગઠન શકિત અને લોકવિશ્વાસનો વિજય છે**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૩૦

બાબરા નગરપાલિકાની ચૂંટણીમાં ફરી એકવાર યુવા નેતૃત્વ અને લોકપ્રિયતાનો પ્રભાવ જોવા મળ્યો છે. બાબરા ચુવાળીયા કોળી ઠાકોર સમાજના યુવા આગેવાન તેમજ અમરેલી જિલ્લા ઠાકોર સેના મહામંત્રી ખોડલભાઈ મકવાણાએ વોર્ડ બદલાયા છતાં પોતાની જીતની પરંપરા યથાવત રાખી સતત ત્રીજી ટર્મ વિજય હાંસલ કરી રાજકીય દબદબો સાબિત કર્યો છે.

તેઓ અગાઉ સતત બે ટર્મ સુધી બાબરા નગરપાલિકાના વોર્ડ નંબર ૩માંથી વિજેતા બન્યા હતા. આ વખતે સીમાંકનના કારણે વોર્ડમાં ફેરફાર થતાં તેઓએ વોર્ડ નંબર ૨માંથી ચૂંટણી જંગ લડ્યો હતો. પરંતુ વોર્ડ બદલાયો હોવા છતાં જનસમર્થનમાં કોઈ ઘટાડો ન જોવા મળ્યો અને તેમના ધર્મપત્ની વસંતબેન ખોડલભાઈ મકવાણાની ભવ્ય જીત સાથે પરિવારનો વિજયરથ આગળ વધ્યો છે.

તેઓ માત્ર પોતાના વોર્ડ પૂરતા સીમિત રહ્યા નહોતા, પરંતુ સમગ્ર બાબરા નગરપાલિકા વિસ્તારમાં ભાજપના ઉમેદવારો માટે સક્રિય પ્રચાર કરીને જીતમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. અન્ય વોર્ડોમાં પણ તેઓએ સતત સંપર્ક, સંકલન અને કાર્યકર્તાઓમાં ઉત્સાહ ભરી પક્ષને મજબૂત બનાવ્યો હતો.

સરળ સ્વભાવ, સૌ સાથે સ્નેહભર્યા સંબંધો અને દરેક સમાજ સાથે સતત જોડાણના કારણે ખોડલભાઈ મકવાણા યુવાનોમાં લોકપ્રિય નેતા તરીકે ઓળખાય છે. તેમની સતત ત્રીજી ટર્મની જીત બાદ સમર્થકો અને સમાજજનોમાં આનંદની લાગણી ફેલાઈ છે. તેઓની આ જીતને બાબરા રાજકારણમાં મજબૂત જનઆધાર, સંગઠન શકિત અને લોકવિસની જીત તરીકે જોવામાં આવી રહી છે.

---

## પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી ચેરમેન, પક્ષનાં નેતા અને દંડક અંગેનુ નામ નિયુકત કરાશે

# અમરેલી જિલ્લાની સ્થાનિક સંસ્થાનાં હોદ્દેદારોની પસંદગી માટે શનિવારે ભાજપ દ્વારા સેન્સ પ્રક્રિયા હાથ ધરાશે

**ચૂંટણીમાં વિજેતા થયેલ તાલુકા પંચાયતો અને પાલિકાનાં હોદ્દેદારો નક્કી કરાશે**

અમરેલી, તા. ૩૦

અમરેલીમાં જિલ્લામાં ૬ પાલિકા અને ૯ તાલુકા પંચાયતોમાં ભાજપનો વિજય થયા બાદ તે સંસ્થાનાં પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી ચેરમેન, પક્ષનાં નેતા અને દંડક માટેની સેન્સ પ્રક્રિયા શનિવારે અમરેલી ભાજપ કાર્યાલય ખાતે પ્રદેશ ભાજપનાં આગેવાનોની ઉપસ્થિતિમાં યોજાશે.

જેમાં ૯:૩૦ કલાકે ધારી તાલુકા અને શહેર, ૧૦:૩૦ કલાકે ખાંભા તાલકો, ૧૧ કલાકે બગસરા શહેર, ૧૨ કલાકે જાફરાબાદ તાલુકો અને રાજુલા તાલુકો, બપોરે ૩ કલાકે લીલીયા તાલુકો, ૩:૩૦ કલાકે સાવરકુંડલા સાંજે ૪:૩૦ કલાકે બાબરા, ૫:૩૦ કલાકે લાઠી, દામનગર ૬:૩૦ કલાકે અને સાંજે ૭:૩૦ કલાકે અમરેલી માટે સેન્સ પ્રક્રિયા કરાશે. તેમ એક યાદીમાં ભાજપનાં મીડિયા ઈન્ચાર્જ વિપુલ ભટ્ટીએ જણાવેલ છે.


"અમરેલી એકસપ્રેસ"

**અમારૂ ઇ–મેઇલ એડ્રેસ**

"અમરેલી એક્સપ્રેસ"ના પત્રકારોને વિનંતી કે,ઇ–મેઇલ એડ્રેસ

amreliexpress7@gmail.com

પર ફોટોગ્રાફસ મોકલવા.

"અમરેલી એક્સપ્રેસ" દૈનિક

જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.



**સંકુલ બાલમંદિર પ્રવેશ**

GM બાલમંદિર સવાર

GM બાલમંદિર બપોર

EM બાલમંદિર સવાર

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત

શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ

સંકુલ(લેઉવા પટેલ ટ્રસ્ટ) અમરેલી -Ad 028



શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ સંચાલિત શ્રી મુકેશ જાની બી.એડ. કોલેજ સંલગ્ન

**શ્રી મુકેશ જાની આર્ટસ, સાયન્સ અને બી.સી.એ. કોલેજ–અમરેલી**

રંગપુર રોડ, જેસીંગપરા, અમરેલી–૩૬૫૬૦૧, જિલ્લો–અમરેલી

**જોઈએ છે**

| ક્રમ | જગ્યા | લાયકાત | જગ્યાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | આચાર્ય | UGC, રાજય સરકાર અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પ્રવર્તમાન નિયમાનુસાર આર્ટ્સ વિભાગ–૦૧ લાયકાત : M.A. તથા Ph.D./NET/SLET સાથે ૧૫ વર્ષનો પૂર્ણ વ્યાખ્યાતા તરીકેનો શૈક્ષણીક અનુભવ સાયન્સ વિભાગ–૦૧ લાયકાત : M.Sc. તથા Ph.D./NET/SLET સાથે ૧૫ વર્ષનો પૂર્ણ વ્યાખ્યાતા તરીકેનો શૈક્ષણીક અનુભવ બી.સી.એ. વિભાગ–૦૧ લાયકાત : MCA/M.Sc.(IT) તથા Ph.D./NET/SLET સાથે ૧૫ વર્ષનો પૂર્ણ વ્યાખ્યાતા તરીકેનો શૈક્ષણીક અનુભવ | ૦૩ |
| ૨ | આર્ટસ વ્યાખ્યાતા | **વિષય** : સમાજશાસ્ત્ર–૧, અંગ્રેજી–૧, ગુજરાતી–૧, ભૂગોળ–૧, મનોવિજ્ઞાન–૧, અર્થશાસ્ત્ર–૧, સંસ્કૃત–૧, ઈતિહાસ–૧, હિન્દી–૦૧, તત્વજ્ઞાન–૦૧, ભારતીય સંસ્કૃતિ–૦૧, લાયકાત : M.A. સાથે Ph.D./NET/SLET | ૧૧ |
| ૩ | સાયન્સ વ્યાખ્યાતા | માઈક્રોબાયોલોજી–૧, કેમેસ્ટ્રી–૧, બાયો ટેકનોલોજી–૧, ફિઝિકસ–૧, બાયો કેમિસ્ટ્રી–૧, ગણિત–૧, બોટની–૧, ઝુલોજી–૧, લાયકાત : M.Sc. સાથે Ph.D./NET/SLET | ૦૮ |
| ૪ | બી.સી.એ. વ્યાખ્યાતા | કોમ્પ્યુટર એપ્લિકેશન–૧ લાયકાત : MCA/M.Sc. (IT) સાથે Ph.D./NET/SLET | ૦૩ |

૧. ઉપરોકત જગ્યા માટે UGC, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને સંસ્થાના નિયમ મુજબ લાયકાત ધરાવતા ઉમેદવારે અરજી તથા પાસપોર્ટ ફોટા–૨ સાથે ઉપરોકત સરનામે દિવસ ૧૫માં રજીસ્ટર AD થી અરજી કરવાની રહેશે.

૨. અરજી પર આપ કઈ જગ્યા માટે અરજી કરો છો તે અને આપનો મોબાઈલ નંબર જરૂર લખવો.

સંપર્ક : ૯૪૨૬૨૨૯૬૭૧ / ૬૩૫૫૧૬૭૩૯૧


---

## જંગલનાં રાજા અચાનક ત્રાટકયા

# ખાંભા પંથકમાં ગામની વચ્ચે ૩૭ સેકન્ડમાં ગાયનાં શિકારની ઘટના

**ગ્રામજનોમાં સિંહોની અવરજવરથી ફફડાટ**



અમરેલી, તા. ૩૦

અમરેલી જિલ્લામાં ફરી એકવાર સિંહોની હલચલ વધતા સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જાયો છે. ગીર વિસ્તારની નજીક આવેલા ખાંભા તાલુકાના ઈંગોરાળા ગામમાં સિંહે શેરીમાં ઘૂસી ગાયનો શિકાર કરતા ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે જેનો વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો છે.

અમરેલી જિલ્લો એશિયાટિક સિંહોના વસવાટ માટે જાણીતો છે અને ગીર વિસ્તારના વિસ્તરણ સાથે હવે સિંહો ગામડાં સુધી પહોંચી રહ્યા છે. ખાંભા તાલુકાના ઈંગોરાળા ગામમાં આવી જ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જયાં શિકારની શોધમાં ગામમાં ઘૂસેલા સિંહે શેરીમાં ઊભેલી ગાય પર હુમલો કર્યો હતો.

આ બનાવમાં પ્રાપ્ત માહિતી મુજબ આ સમગ્ર ઘટના માત્ર ૩૭ સેકન્ડમાં બની હતી. સિંહે અચાનક ગાય પર ત્રાટકીને તેને પકડી પાડી હતી. આ ઘટના નજીકમાં લગાવવામાં આવેલા સીસીટીવી કેમેરામાં સ્પષ્ટ રીતે કેદ થઈ ગઈ છે. ઘટનાનો વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થતા લોકોમાં ચકચાર મચી ગઈ છે. ખાસ કરીને ગામના લોકોમાં ભયનો માહોલ ફેલાયો છે કારણ કે સિંહો હવે માનવ વસાહતો સુધી આવી રહ્યા છે.

સ્થાનિકોએ વન વિભાગ પાસે સુરક્ષા વધારવાની માંગ કરી છે. રાત્રિના સમયે સિંહોની ચહલ પહલ વધતા ગામજનોમાં ચિંતા વધતી જાય છે. ત્યારે વન વિભાગના અધિકારીઓએ ઘટના અંગે નોંધ લઈ તપાસ શરૂ કરી છે અને ગામ વિસ્તારમાં પેટ્રોલિંગ વધારવાની ખાતરી આપી છે. સાથે જ લોકોને સાવચેત રહેવા અને રાત્રે બહાર ન નીકળવાની સલાહ આપવામાં આવી છે.

---

## સંત શિરોમણી પુ. ભોજલરામ બાપાનો આજે પ્રાગટય મહોત્સવ

# અમરેલીમાં આજે ભોજલરામ મંદિર પરિસરમાં સત્યનારાયણની કથા યોજાશે

**ધર્મપ્રેમી જનતાને કથા શ્રવણ કરવા અનુરોધ**



અમરેલી, તા. ૩૦

સમર્થ સંત પૂજય ભોજલરામ બાપાના પ્રાગટ્ય મહોત્સવ અંતર્ગત વર્ષોની પરંપરા મુજબ નાગનાથ મંદિર પાસે ભોજલરામ મંદિર પરિસરમા આવતીકાલ તા. ૧/૫/ને શુક્રવારના રોજ રાત્રીના ૭ કલાકે સત્યનારાયણદેવની કથાનું આયોજન કરવામા આવેલ છે.

અમરેલીની ધર્મપ્રેમી જનતાને કથા શ્રવણ અને દર્શન લાભ લેવા સહકાર પરિવાર–અમરેલી તરફથી જાહેર નિમંત્રણ પાઠવેલ છે તેમ અખબારી યાદીમાં જણાવાયેલ છે.

પ.પૂ.સંતશ્રી ભોજલરામ બાપા ને કોટિ કોટિ વંદન..

પ.પૂ.સંતશ્રી ભોજલરામબાપાનં ૨૪૧ માં
પ્રાગટ્ય મહોત્સવે વૈશાખ સુદ પૂનમે
પૂ. ભોજાબાપાનાં ચરણોમાં નત્ મસ્તક વંદન

: વંદનકર્તા:

11 ડબલ વન
અઢી દાયકાથી લોકોમાં વિશ્વાસ જીતી સ્વાદનાં શોખીનો માટે વિશ્વસનીય તેલ.....
સીંગતેલ

શ્રી વિવેક ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ
લીલીયા રોડ, ત્રિમંદિર સામે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૩૯, ૨૨૦૨૬૦
હરેશભાઈ : ૯૮૭૯૫ ૯૮૨૯૩



Krishna DINING HALL

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨


૧ મે ગુજરાત સ્થાપના દિવસ અભિમાન છે ગુજરાતી હોવાનો,
ગર્વ છે ગુજરાતમાં રહેવાનો.
જય જય ગરવી ગુજરાત
ગુજરાત સ્થાપના દિવસની હાર્દિક શુભેચ્છાઓ


પ.પૂ.સંતશ્રી ભોજલરામ બાપા ને કોટિ કોટિ વંદન..

પ.પૂ.સંતશ્રી ભોજલરામબાપાનં ૨૪૧ માં
પ્રાગટ્ય મહોત્સવે વૈશાખ સુદ પૂનમે
પૂ. ભોજાબાપાનાં ચરણોમાં નત્ મસ્તક વંદન

: વંદનકર્તા:

શ્રી ગુલાબભાઈ દલસુખભાઈ દુધાત
ફર્મ : રાધેશ્યામ ઈન્ડસ્ટ્રીઝ - અમરેલી



પ.પૂ.સંતશ્રી ભોજલરામ બાપાને કોટિ કોટિ વંદન.....



પ.પૂ.સંતશ્રી
ભોજલરામ બાપાનાં
૨૪૧માં પ્રાગટ્ય
દિને તેમનાં
ચરણોમાં કોટી...
કોટી... વંદન...

વંદનકર્તા

શ્રી વસંતભાઈ ગજેરા
(ચેરમેન શ્રી)

SHANTABAA MEDICAL COLLEGE & GENERAL HOSPITAL

શાંતાબા મેડીકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ
શાંતાબા જનરલ હોસ્પિટલ કેમ્પસ, એસ.ટી.બસ સ્ટેન્ડ પાછળ, અમરેલી.



Sheetal ICE CREAM


WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND

- Sales Co - Ordinator - 4
- Reporting Manager - 1
- Sales & Marketing Officer - 3
- Senior Account - 1
- Liaisoning Officer - 1
- Data Entry Operator - 2
- Cashier - 2
- Trainer - 1

Location :
Amreli, Gujarat.

hrscpl1987@gmail.com
+91 95109 59957

APPLY NOW





પ.પૂ.સંત શીરોમણી શ્રી ભોજલરામ બાપાનાં
૨૪૧ માં પ્રાગટ્ય મહોત્સવે
પ.પૂ.સંતશ્રી ભોજલરામ બાપાનાં
ચરણોમાં શત્ શત્ નમન..

આપના શેરને લગતી મુંજવણોનું સચોટ સોલ્યુશન

:: વંદનકર્તા ::

■ જુના શેર સર્ટિફિકેટનું ટ્રાન્સફર ■ બાકી રહેલા ડિવિડન્ટ મેળવવાની સેવા ■ શેર વારસાઈ (Transmission) પ્રક્રિયા પૂર્ણ ■ તમામ પ્રકારની શેર સંબંધિત માર્ગદર્શન ■ મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ માટે આજે જ સંપર્ક કરો ■ યોગ્ય માર્ગદર્શન સાથે સુરક્ષિત રોકાણ માટે રૂબરૂ મળો

વર્ષિલ સાવલિયા
SHYAM WEALTH CREATION
મારવાડી શેર & ફાયનાન્સ લીમીટેડ
9925540007 - 9904742662
૧૯/૧૧, સારથી કોમ્પ્લેક્ષ, લીલીયા રોડ, અમરેલી



ડોકટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ

ડો. વિશાલ પોપટાણી
કાર્ડિયોલોજીસ્ટ
હૃદયરોગ નિષ્ણાંત
તા.૦૧/૦૫/૨૦૨૬ - શુક્રવારે, બપોરે ૧૨:૦૦ થી ૦૧:૦૦

ડો. ધવલ તન્ના
રૂમેટોલોજીસ્ટ
વા, સાંધા અને સ્નાયુના દુઃખાવાના નિષ્ણાંત
તા.૦૨/૦૫/૨૦૨૬ - શનિવારે, સવારે ૦૯:૦૦ થી ૦૬:૦૦

( જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા )

નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૯૪૩૪

ડોકટર હાઉસ અમરેલી
કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) | ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોડાસરા (M.S.) | ડો. દ્રષ્ટિ પંડયા



પ.પૂ.સંતશ્રી ભોજલરામ બાપાને
કોટિ કોટિ વંદન.....



પ.પૂ.સંતશ્રી
ભોજલરામ બાપા વૈશાખ સુદ પુનમનાં દિને
૨૪૧માં પ્રાગટ્ય દિન નિમિત્તે સાષ્ટાંગ પ્રણામ.....

વંદનકર્તા

શ્રી મનુભાઈ વલ્લભભાઈ દેસાઈ
(અધ્યક્ષ : શ્રી ખોડલધામ સમાધાન પંચ : અમરેલી)
(પ્રમુખ : અમરેલી જિલ્લા ટીમ્બર માર્ટ એસોસીએશન)
શ્રી ભગવાનભાઈ વલ્લભભાઈ દેસાઈ
શ્રી જયસુખભાઈ મનુભાઈ દેસાઈ
શ્રી વિજયભાઈ ભગવાનભાઈ દેસાઈ
(પ્રમુખ : અમરેલી જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદ-અમરેલી)

દેસાઈ & કું.
દેસાઈ કોટેક્ષ-ચિત્તલ



પ.પૂ.સંતશ્રી ભોજલરામ બાપાને
કોટિ કોટિ વંદન.....



પ.પૂ.સંતશ્રી
ભોજલરામબાપાનાં
૨૪૧માં પ્રાગટ્ય મહોત્સવે
વૈશાખ સુદ પુનમ
પૂ. ભોજાબાપાનાં
ચરણોમાં નત્
મસ્તક વંદન

:: વંદનકર્તા ::

શ્રી દલસુખભાઈ
પાનશેરીયા



પ.પૂ.સંતશ્રી ભોજલરામ બાપાને
કોટિ કોટિ વંદન.....



પ.પૂ.સંતશ્રી
ભોજલરામબાપાનાં
૨૪૧માં પ્રાગટ્ય મહોત્સવે
વૈશાખ સુદ પુનમ
પૂ. ભોજાબાપાનાં
ચરણોમાં નત્
મસ્તક વંદન.....

વંદનકર્તા



ઘનશ્યામભાઈ કોબરીયા
સાવરકુંડલા


*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)